# પ્રેમે કરો બાર પર્વ આરાધના





## ચૈત્રી પૂનમ પર્વ

પ્રેરક : શ્રી પ્રેમ ગુરૂ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન




શ્રી ભગવતી સરસ્વત્યૈ નમઃ

॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો
# બાર પર્વ આરાધના

## શ્રી ચૈત્રી પૂનમ આરાધના સંગ્રહ




પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ.પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ.મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.


ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય


• પ્રકાશક •

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
(શંખેશ્વર)
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા **૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે** અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર


**આવૃતિ** : પ્રથમ

**નકલ** : ૧૦૦૦

**ટાઈપસેટીંગ** : જૈનમ્ ગ્રાફીક્સ,
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

**પ્રાપ્તિસ્થાન** : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર
જૈન ટ્રસ્ટ - શંખેશ્વર

## પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

### બીજ પર્વ :

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

### જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ-શ્રુત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

**અષ્ટમીપર્વ :**

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

**પોષદશમી પર્વ :**

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

**મૌન એકાદશી પર્વ :**

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

**ચૈત્રી પૂનમની આરાધના :**

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રાપ્ત કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

## ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠ્ઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

## પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

## નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્‌ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા. (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

# અનુક્રમણિકા


| નામ | પેજનંબર |
|---|---|
| ❑ શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત | ૧ થી ૪૨ |
| ચૈત્રી પૂનમ દેવવંદન | |
| ❑ શ્રી શત્રુંજય તીર્થ ચૈત્યવંદન | ૪૨ થી ૫૦ |
| ❑ શ્રી ચૈત્રી પૂનમની થોયો | ૫૧ થી ૫૬ |
| ❑ શ્રી સિદ્ધાચલજીના સ્તવનો | ૫૬ થી ૬૪ |
| ❑ શ્રી મરૂદેવા માતાની સજ્ઝાય | ૬૪ થી ૬૮ |
| ❑ શ્રી બાહુબલીજીની સજ્ઝાય | ૬૮ થી ૬૯ |
| ❑ શ્રી ભરત-બાહુબલીની સજ્ઝાય | ૭૦ થી ૭૨ |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

## શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત
## ॥ ચૈત્રી પૂનમના દેવવંદનનો વિધિ ॥

પ્રથમ પ્રતિમા ચાર માંડીએ તથા ચૌમુખ હોય તો ચૌમુખ માંડીએ, તિહાં પ્રથમ ટીકી દશ કરવી, ફૂલના હાર દશ, અગરબત્તી દશ વાર ઊખેવવી, દશ દીવેટનો દીવો કરવો, દશ વાર ઘંટ વગાડવો, દશ વાર ચામર વિંઝવા, દશ સાથિયા ચોખાના કરવા, જેટલી જાતિનાં ફલ મળે તે સર્વ જાતિની પ્રત્યેક દશ દશ મૂકવાં, સોપારી પ્રમુખ સર્વ દશ દશ મૂકવાં, નૈવેદ્ય મધ્યે સાકરિયા ચણા તથા એલચી, પાક, દ્રાક્ષ, ખારેક, શિંગોડાં, નિમજાં, પિસ્તાં, બદામાદિ મેવા જે જાતિના મળે તે સર્વ જાતિના પ્રત્યેકે દશ દશ વાનાં મૂકવા, અખીયાણું-ગોધૂમ અથવા ચોખા શેર ત્રણ, લીલાં નાળીયેર ચાર મૂકવાં. ઈત્યાદિક વિધિ મેળવીને દેવ વાંદવા.

દેવવંદન વિધિ-સ્થાપનાચાર્ય આગળ અથવા નવકાર પંચિંદિયવડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઈરિયાવહી૦ તસ્સ ઉતરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

## ॥ દેવવંદનનો પ્રથમ જોડો ॥

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

**આદીશ્વર અરિહંત દેવ, અવિનાશી અમલ, અક્ષય, સરૂપી ને**
**અનુપ, અતિશય ગુણ વિમલ, મંગલ કમલા કેલી વાસ,**

વાસવ નિત્ય પૂજીત; તુજ સેવા સહકાર સાર, કરતાં કલ કુંજિત,
યોજીત યુગ આદિજીણે એ, સકલ કળા વિજ્ઞાન;
શ્રી જ્ઞાનવિમલસૂરિ ગુણ તણો, અનુપમ નિધિ ભગવાન ॥ ૧ ॥

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અને જયવીયરાય અર્દ્ધા કહી પછી
ખમાસમણ દેઈને બીજું ચૈત્યવંદન નીચે પ્રમાણે કરવું.

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

વંશ ઈક્ષ્વાંગ સોહાવતો, સોવન વન કાય;
નાભિ રાયકુલ મંડણો, મરૂદેવી માય, ભરતાદિક શત પુત્રના,
જે જનક સોહાય, નારી સુનંદા સુમંગલા, તસ કંત કહાય,
બ્રાહ્મી સુંદરી જેહની એ, તનયા બહુ ગુણખાણ;
જ્ઞાનવિમલ ગુણ તેહના, સંભારો સુવિહાણ ॥ ૨ ॥

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈયાણં૦ અન્નત્થ૦
કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોઽર્હત્ કહી એક
થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦
કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો પછી પારી બીજી થોય કહેવી.
પછી પુક્ખરવર૦ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦
કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી.
પછી સિદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦
કહી પારી નમોઽર્હત્ કહી ચોથી થોય કહેવી. તે થોયો
આ પ્રમાણે........

## ॥ પ્રથમ થોય જોડો ॥

શ્રી શત્રુંજય મંડણ, રિસહ જિણેસર દેવ;
સુર-નર વિદ્યાધર, સારે જેહની સેવ, સિદ્ધાચલ શિખરે,
સોહાકર શૃંગાર; શ્રી નાભિ-નરેસર, મરૂદેવીનો મલ્હાર ॥૧॥
એ તીરથ જાણી, જિન ત્રેવીસ ઉદાર;
એક નેમ વિના સવિ, સમવસર્યા સુખકાર;
ગિરિકંડણે આવી, પહોંતા ગઢ ગિરનાર;
ચૈત્રી પુનમ દિને, તે વંદુ જયકાર ॥૨॥
જ્ઞાતાધર્મ કથાંગે, અંતગડ સૂત્ર મોઝાર;
સિદ્ધાચલ સિદ્ધા, બોલ્યા બહુ અણગાર;
તે માટે એ ગિરિ, સવિ તીરથ શિરદાર;
જિણ ભેટે થાવે, સુખ સંપત્તિ વિસ્તાર ॥૩॥
ગોમુખ ચક્કેસરી, શાસનનીરખવાલી;
એ તીરથ કેરી, સાન્નિધ્ય કરે સંભાળી;
ગિરુઓ જસ મહિમા, સંપ્રતિ કાલે જાસ,
શ્રી જ્ઞાન-વિમલસૂરિ, નામે લીલ વિલાસ ॥૪॥

પછી બેસી નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોડર્હત્૦ કહી બીજા થોય જોડાની પ્રથમ થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અન્નત્થ૦ કહી કાઉસ્સગ્ગ કરી પારી બીજી થોય કહેવી.પછી પુખ્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી કાઉસ્સગ્ગ કરી પારપી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી કાઉસ્સગ્ગ કરી પારી નમોડર્હત્ કહી ચોથી થોય કહેવી.
એ રીતે નીચે પ્રમાણે ચારે થોય કહેવી.

## ॥ દ્વિતીય થોય જોડો ॥

ત્રેસઠ લાખ પૂરવ રાજ્ય કરી, લીયે સંયમ અતિ
આણંદ ધરી, વરસ સહસે કેવલ લચ્છી વરી,
એક લખ પૂર્વે શિવરમણી વરી ॥ ૧ ॥
ચોવીશે પહિલા ઋષભ થયા, અનુક્રમે ત્રેવીશ જિણંદ ભયા;
ચૈત્રી પૂનમ દિન તેહ નમો, જિમ દુર્ગતિ દુઃખમાં દૂર ગમો ॥ ૨ ॥
એકવીસ એકતાલીસ નામ કહ્યાં, આગમે. ગુરુ વયણે તેહ લહ્યાં;
અતિશય મહિમા ઇમ જાણીએ, તે નિશદિન મનમાં આણીએ ॥ ૩ ॥
શત્રુંજયનાં સવિ વિઘન હરે, ચક્કેસરી દેવી ભક્તિ કરે;
કહે જ્ઞાન વિમલ- સૂરીસરૂ, જિનશાસન તે હોજો જયકરૂ ॥ ૪ ॥

પછી નમુત્થુણં૦ કહી, જાવંતિ ચેઈઆઈ૦ ખમાસમણ દઈ, જાવંત કેવિ સાહૂ૦ નમોऽર્હત્૦ કહી શ્રી સિદ્ધાચલજીનું સ્તવન કહેવું. તે આ પ્રમાણે .......

## ॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

( લાછલદે માત મલ્હાર, એ દેશી )

સિદ્ધાચલ ગુણગેહ, ભવિ પ્રણમો ધરી નેહ; આજ
હો સોહે રે મન મોહે તીરથ રાજીયો જી ॥૧॥
આદી-શ્વર અરિહંત, મુગતિ વધૂનો કંત;
આજ હો પૂરવ વાર નવાણું આવી સમોસર્યા જી ॥૨॥
સકલ સુરાસુર રાજ, કિન્નર દેવ સમાજ;
આજ હો સેવા રે સારે કર જોડી કરી જી ॥૩॥
દરશનથી દુઃખ દૂર; સેવે સુખ ભરપૂર;
આજ હો એણે રે કલિકાલે કલ્પતરૂ અછે જી ॥૪॥

પુંડરીક ગિરિધ્યાન, લહીએ બહુ યશમાન, આજ
હો દીપે રે અધિકી તસ જ્ઞાન કલા ઘણી જી ।।૫।।

પછી અર્ધા જયવીયરાય કહીને ખમાસમણ દઈ ચૈત્ય-વંદનનો આદેશ માગી ત્રીજું ચૈત્યવંદન, નીચે પ્રમાણે કહેવું.

## ।। તૃતીય ચૈત્યવંદન ।।

પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ, જેહનો જગે રાજે;
પાપતાપ સંતાપ વ્યાપ, જસ નામે ભાંજે;
પરમ તત્ત્વ પરમાત્મ રૂપ, પરમાનંદ દાઈ,
પરમ જ્યોતિ જસ જળહળે, પરમ પ્રભુતા પાઈ;
ચિદાનંદ સુખ સંપદા એ, વિલસે અક્ષય સનૂર;
ઋષભદેવને ચરણે નમે, શ્રી જ્ઞાનવિમલગુણસૂર ।।૩।।

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી, જયવીયરાય સંપૂર્ણ કહેવા. ( ઇતિ પ્રથમ દેવવંદન જોડો ) પછી સતિકરં કહેવું.

## ।। શ્રી સંતિકરં સ્તવનમ્ ।।

સંતિકરં સંતિજિણં, જગસરણં જય-સિરીઈ દાયારં;
સમરામિ ભત્ત-પાલગ, નિવ્વાણીગરૂડકયસેવં ।।૧।।
ૐસ નમો વિપ્પોસહિ, -પત્તાણં સંતિસામિ-પાયાણં;
ૐ સ્વાહા મંતેણં, સવ્વાસિવદુરિઅહરણાણં ।।૨।।
ૐ સંતિ નમુક્કારો, ખેલોસહિમાઈ લદ્ધિ પત્તાણં;
સૌં હ્રીં નમો સવ્વોસહિ-પત્તાણં ચ દેઈ સિરિં ।।૩।।
વાણી તિહુઅણ સામિણિ,-સિરિદેવી જક્ખરાય-ગણિ પિડગા;
ગહ દિસિપાલ સુરિંદા, સયાવિ રક્ખંતુ જિણભત્તે ।।૪।।

રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા;
વજ્જંકુસિ ચક્કેસરિ, નરદત્તા કાલી મહા-કાલી ॥૫॥
ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અવઈરૂટ્ટા;
અચ્છુત્તા માણસિયા, મહમાણસિયાઓ દેવીઓ ॥૬॥
જક્ખા ગોમુહ મહ જક્ખ, તિમુહજક્ખેસ તુંબરૂ કુસુમો;
માયંગ વિજય અજિયા, બંભો મણુઓ સુરકુમારો ॥૭॥
છમ્મુહ, પયાલ, કિન્નર, ગરૂલો ગંધ-વ્વ તહય જક્ખિંદો;
કુબેર વરૂણો ભિઉડી, ગોમેહો પાસ માયંગા ॥૮॥
દેવીઓ ચક્કેસરિ, અજિયા દુરિ-આરી કાલી મહાકાલી;
અચ્ચુઅ સંતા જાલા, સુતારયા સોય સિરિવચ્છા ॥૯॥
ચંડા વિજયંકુસિ, પન્નઇત્તિ નિવ્વાણિ અચ્ચુઆ ધરણી;
વઇરૂટ્ટ છુત્ત ગંધારી, અંબ પઉમાવઈ સિદ્ધા ॥૧૦॥
ઇઅ તિત્થ રક્ખણ-રયા, અન્નેવિ સુરાસીરય ચઉહાવિ;
વંતર જોઇણિ પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં ॥૧૧॥
એવં સુદિટ્ઠિસુરગણ, સહિઓ સંઘસ્સ સંતિ જિણચંદો;
મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદરસુરિ થુઅમહિમા ॥૧૨॥
ઇઅ સંતિનાહ સમ્મદિટ્ઠિ, રક્ખં સરઈ તિકાલં જો;
સવ્વોવદ્દવરહિઓ, સ લહઇ સુહ સંપયં પરમં ॥૧૩॥
તવગચ્છગયણદિણયર, જુગવર સિરિસોમ- સુંદર ગુરૂણં;
સુપસાયલદ્ધ ગણહર-વિજ્જાસિદ્ધિ ભણઇ સીસો ॥૧૪॥

પછી દશ નવકાર ગણવા અને ત્યાર પછી ખમાસમણ પૂર્વક

શ્રી શત્રુંજયનાં એકવીશ નામ લેવાં તે નીચે પ્રમાણે :-

૧. શ્રી શત્રુંજયાય નમઃ
૨. શ્રી પુંડરીકાય નમઃ
૩. શ્રી સિદ્ધક્ષેત્રાય નમઃ
૪. શ્રી વિમલાચલાય નમઃ
૫. શ્રી સુરગિરયે નમઃ
૬. શ્રી મહાગિરયે નમઃ
૭. શ્રી પુણ્યરાશયે નમઃ
૮. શ્રી શ્રીપદાય નમઃ
૯. શ્રી પર્વતેંદ્રાય નમઃ
૧૦. શ્રી મહાતીર્થાય નમઃ
૧૧. શ્રી શાશ્વત પર્વતાય નમઃ
૧૨. શ્રી દૃઢશક્તયે નમઃ
૧૩. શ્રી મુક્તિનિલયાય નમઃ
૧૪. શ્રી પુષ્પદંતાય નમઃ
૧૫. શ્રી મહાપદ્માય નમઃ
૧૬. શ્રી પૃથ્વીપીઠાય નમઃ
૧૭. શ્રી સુભદ્રાય નમઃ
૧૮. શ્રી કૈલાસાય નમઃ
૧૯. શ્રી પાતાલમૂલાય નમઃ
૨૦. શ્રી અકર્મકાય નમઃ
૨૧. શ્રી સર્વકામદાય નમઃ

પછી ભંડાર ઢોવવો અને દસ ખમાસમણ દઈ પ્રદક્ષિણા દસ દેવી.

## ॥ દેવવંદનનો દ્વિતીય જોડો ॥

વિધિ-દેવવંદનના બીજા જોડાની વિધિ પ્રથમ જોડા પ્રમાણે જ છે. વસ્તુઓ પણ તે જ સર્વ મેળવવી, પરંતુ એટલો ફેર કે, દશ દશ વસ્તુને ઠેકાણે વીશ વીશ વસ્તુ મૂકવી. અખીયાણું તેટલું જ મૂકવું. ખમાસમણાં નવકાર, પ્રદક્ષિણા વગેરે વીસ કરવા અને સંતિકરંને સ્થાનકે નમિ ઉણ કહેવું, તેમજ દેવ વાંદવાની વિધિ પણ પ્રથમની પેઠે જ છે.

## ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

નાભિ નરેસર વંશ મલય, ગિરિચંદન સોહે; જસ પરિમલશું વાસિયો, ત્રિભુવન મન મોહે; અપછર રંભા ઉર્વશી, જેહના અવદાત; ગાયે અહોનિશ હર્ષશું, મરુદેવી માત; નિરૂપાધિક જસ તેજશું એ, સમમય સુખનો ગેહ; જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, અખય અનતી જહ ॥ ૧ ॥

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

જિમ ચૈત્રી પૂનમ તણો, અધિકો વિધુ દીપે; ગ્રહ ગણ તારાદિક તણા, પરમ તેજને જીપે; તિમ લોકિકના દેવ તે, તુમ આગે હીણા; લોકોત્તર અતિશય ગુણે, રહે સુર નર લીણા, નિવૃત્તિ નગરે જાયવા એ, એહિ જ અવિચલ સાથ; જ્ઞાનવિમલસૂરિ એમ કહે, ભવ ભવ એ મુજ નાથ ॥૨॥

## ॥ પ્રથમ થોય જોડો ॥

શ્રી શત્રુંજય મંડણ રિસહ જિણંદ, પાપ તણો ઉન્મૂલે કંદ;
મરૂદેવી માતાનો નંદ, તે વંદૂ મન ધરી આણંદ ॥૧॥
*ત્રણ ચોવીશી બિહુત્તર જિના, ભાવ ધરી વંદૂ એકમના;*
અતીત અનાગત ને વર્તમાન,
તિમ અનત જિનવર ધરો (ધર્યો) ધ્યાન ॥૨॥
જેહમાં પંચ કહ્યા વ્યવહાર,
નય પ્રમાણ તણા વિસ્તાર; તેહના સુણવા અર્થ વિચાર,

જિમ હોય પ્રાણી અલ્પ સંસાર. ॥૩॥
શ્રી જિનવરની આણા ધરે,
જગ જશ-વાદ ઘણો વિસ્તરે; શ્રી જ્ઞાનવિમલસૂરિ સાન્નિધ્ય
કરે, શાસનદેવી સંકટ હરે ॥૪॥

## ॥ દ્વિતીય થોય જોડો ॥

પ્રણમો ભવિયા રિસહ જિણેસર, શત્રુંજય કેરો રાયજી,
વૃષભ લંછન જસ ચરણે સોહે, સોવન વરણી કાય જી,
ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાય જી,
ચૈત્રી પુનમને દિન જેહના, મહોટા મહોત્સવ થાય જી ॥૧॥
અષ્ટાપદ ગિરિ શિવપદ પામ્યા, શ્રી રિસહેસર સ્વામીજી,
ચંપાએ વાસુપૂજ્ય નરેસર, નંદનશિવગતિ ગામી જી;
વીર અપાપાપુર ગિરનારે, સિદ્ધા નેમિજિણંદો જી,
વીશ સમેત ગિરિશિખરે પહોંતા, એમ ચોવિશે વંદો જી ॥૨॥
આગમનો આગમ પરે જાણો ,સવિ વિષનો કરે નાશ જી;
પાપ તાપ વિષ દૂરે કરવા, નિશિ-દિન જેહ ઉપાસે જી;
મમતા કંચુકી કીજે અલગી. નિર્વિષતા આદરીયે જી,
ઇણી પરે સહજ થકી ભવ તરીયે, જિમ શિવસુંદરી વરીએ જી ॥૩॥
કવડ જક્ષ પ્રત્યક્ષ થઈને, જેહના પરતા પૂરેજી;
દોહગ દુર્ગતિ દુર્જ-નનો ડર, સંકટ સઘળા ચૂરેજી;
દિન દિન દોલત દીપે અધિકી, જ્ઞાનવિમલ ગુણ નૂર જી,
જીત તણા નિશાન વજાવો, બોધિ બીજ ભરપૂર ॥૪॥

## ॥ પુંડરીકગિરિનું સ્તવન ॥

( નાયકાની દેશી. )

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ, પૂછે શ્રી આદિ-
જિણંદ સુખકારી રે; કહીયે તે ભવજલ ઊતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવ વારી રે ॥ એક દિન૦॥૧॥
કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ,
જ્ઞાન અને નિર્વાણ જયકારીરે;
તીરથ મહિમા વાધશેરે લાલ,
અધિક અધિક મંડાણ નિરાધારીરે ॥ એક દિન૦ ॥૨॥
એમ નિસુણીતિહાં આવીયા રે લાલ,
ઘાતિ કર્મ કર્યાં દૂર તમ વારી રે;
પંચકોડી મુનિ પરિવર્યા રે લાલ,
હુવા સિદ્ધિહજુર ભવ વારી રે ॥ એક દિન૦ ॥૩॥
ચૈત્રી પૂનમ દિન કીજીયેરે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;
ફલ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગસ્સ થુઈ નમુક્કાર નર નારી રે ॥ એક દિન૦ ॥૪॥
દશ વીશ ત્રીશ ચાલીશ ભલારે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીએ રે લાલ;
જિમ હોયે જ્ઞાન વિશાલ મનો- હારી રે ॥એક દિન૦ ॥૫॥

## ॥ તૃતીય ચૈત્યવંદના ॥

અજર અમર અકલંક અરૂજ, નિરજ અવિનાશી;
સિદ્ધ સરૂપી શંકરો, સંસાર ઉદાસી;

સુખ સંસારે ભોગવી, નહીં ભોગ વિલાસી,
જીતી કર્મ કષાયને, જે થયો જિત કાશી,
દાસી આશી અવગણીએ, સમી-ચીન સર્વાંગ,
નય કહે તસ ધ્યાને કહો, જિમ હોય નિર્મલ અંગ ॥૧॥

## ॥ નમિઊણ સ્તોત્રમ્ ॥

નમિઊણ પણય સુરગણ-ચૂડામણિ કિરણ રંજિઅં મુણિણો;
ચલણ જુઅલં મહાભય,-પણાસણં સંથવં વુચ્છં ॥૧॥
સડિયકર-ચરણ-નહ-મુહ, નિબુડ્ડ નાસા વિવન્ન લાયન્ના,
કુટ્ઠ મહારોગાનલ,-ફુલિંગ નિદ્દડ્ઢ સવ્વંગા ॥૨॥
તે તુહ ચલણા રાહણ-સલિલંજલિ સેય વુડ્ઢિય-ચ્છાયા;
વણદવ દડ્ઢા ગિરિપાય-વવ્વ પત્તા પુણો લચ્છિં ॥૩॥
દુવ્વાય-ખુભિય જલનિહિ, ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે;
સંભંત ભય વિસંઠુલ-નિજ્જામય મુક્ક વાવારે ॥૪॥
અવિદલિઅ જાણવત્તા, ખણેણ પાવંતિ ઇચ્છિઅં કૂલં;
પાસજિણચલણજુઅલં, નિચ્ચં ચિઅ નમંતિ નરા ॥૫॥
ખરપવણુદ્ધુય વણદવ-જાલાવલિ મિલિય સયલ દુમગહણે;
ડજ્ઝંત મુદ્ધ મયવહુ-ભીસણ રવ ભીસણંમિ વણે ॥૬॥
જગગુરૂણો કમજુઅલં, નિવ્વાવિઅ સયલ તિહુઅણાભોઅં;
જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં ॥૭॥
વિલસંત ભોગભીસણ-ફુરિયારૂણ નયણ-તરલજીહાલં;
ઉગ્ગભુઅંગં નવ જલય-સત્થહં ભીસણાયારં ॥૮॥
મન્નંતિ કીડસરિસં, દૂર પરિચ્છુઢ વિસમ વિસવેગા;
તુહ નામક્ખર ફુડસિદ્ધ, મંતગુરૂઆ નરા લોઓ ॥૯॥
અડવીસુ ભિલ્લ તક્કર,-પુલિંદ સદ્દૂલ સદ્દ ભીમાસુ;
ભયવિહુર વુન્નકાયર-ઉલ્લૂરિય પહિય સત્થાસુ ॥૧૦॥

અવિલુત્ત વિહવસારા, તુહ નાહ પણામ મત્ત વાવારા;
વવગયવિગ્ઘા સિગ્ઘં, પત્તાહિય ઇચ્છિયં ઠાણં ॥૧૧॥
પજ્જલિઆનલ નયણં, દૂર વિયારિય મુહં મહાકાયં;
નહકુલિસઘાય વિઅલિઅ-ગઇંદ કુંભત્થલા ભોઅં ॥૧૨॥
પણય સસંભમ પત્થિવ,-નહમણિ માણિક્ક પડિઅપડિમસ્સ;
તુહ વયણ પહરણધારા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ ॥૧૩॥
સસિ ધવલ દંતમુસલં, દીહ કરૂલ્લાલ વુડ્ઢી ઉચ્છાહં;
મહુપિંગ નયણજુઅલં, સસલિલ નવ જલહરારાવં ॥૧૪॥
ભીમં મહાગઇંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણંતિ;
જે તુમ્હ ચલણ જુઅલં, મુણિવઇ તુંગં સમલ્લીણા ॥૧૫॥
સમરમ્મિ તિક્ખખગ્ગા-ભિગ્ઘાયપવિદ્ધ ઉદ્ધુય કબંધે;
કુંત વિણિભિન્ન કરિકલહ-મુક્ક સિક્કાર પઉરંમિ ॥૧૬॥
નિજ્જિઅ દપ્પુદ્ધરરિઉ-નરિંદનિવહા ભડા જસં ધવલં;
પાવંતિ પાવ-પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ ॥૧૭॥
રોગ-જલ-જલણ-વિસહર-ચોરારિ-મઇંદ-ગય રણભયાઇં;
પાસજિણ-નામસં કિત્તણેણ, પસમંતિ સવ્વાઇં ॥૧૮॥
એવં મહા-ભયહરં, પાસજિણિંદસ્સ સંથવમુઆરં;
ભવિયજણાણં દયરં, કલ્લાણ પરંપર નિહાણં ॥૧૯॥
રાયભય-જક્ખ-રક્ખસ્સ, કુસુમિણ દુસ્સઉણ-રિક્ખપીડાસુ;
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ ॥૨૦॥
જો પઢઇ જો અ નિસુણઇ, તાણં કઇણો ય માણતુંગસ્સ;
પાસો પાવં પસમેઉ, સયલભુવણચ્ચિયચલણો ॥૨૧॥
ઉવસગ્ગંતે કમઠા-સુરમ્મિ ઝાણાઓ જો ન સંચલિઓ;
સુર નર-કિન્નર જુવઇહિં, સંથુઓ જયઉ પાસજિણો ॥૨૨॥
એઅસ્સ મજ્ઝયારે, અઠ્ઠારસઅક્ખરેહિં જો મંતો;
જો જાણઇ સો ઝાયઇ, પરમ-પયત્થં ફુડં પાસં ॥૨૩॥

પાસહ સમરણ જો કુણઈ, સંતુટ્ઠ હિયએણ;
અટ્ઠુત્તરસય વાહિ ભય, નાસઈ તસ્સ દૂરેણ ॥૨૪॥

## ॥ અથ દેવવંદનનો તૃતીય જોડો ॥

વિધિ-પ્રથમ થોય જોડા પ્રમાણે વિધિ જાણવી. વિશેષમાં બધી ક્રિયામાં દશને ઠેકાણે ત્રીશ વસ્તુઓ સમજવી અને સંતિકરંને સ્થાને 'જય તિહુઅણ સ્તોત્ર' કહેવું તેમજ દેવ વાંદવાની વિધિ પણ પ્રથમની પેઠે જાણવી.

## ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

આદીશ્વર જિનરાયનો, પહેલો જે ગણધાર; પુંડરીક નામે થયો, ભવિ જનને સુખકાર, ચૈત્રી પૂનમને દિને, કેવલસિરિ પામી, ઇણ ગિરિ તેહથી પુંડરીક -ગિરિ અભિધા પામી, પંચ કોડી મુનિશું લહ્યા એ, કરી અનશન શિવ ઠામ; જ્ઞાનવિમલસૂરિ તેહના, પય પ્રણમો અભિરામ ॥૧॥

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

જાઈ જુઈ માલતી, દમણો ને મરૂવો; ચંપક કેતકી કુંદ જાતિ, જસ પરિમલ ગિરૂવો; બોલસિરિ જાસુલવેલી; વાલો મંદાર, સુરભિ નાગ પુન્નાગ અશોક, વળી વિવિધ પ્રકાર, ગ્રંથિમ વેઢિમ ચઉ-વિધે એ, ચારૂ રચી વરમાલ, નય કહે શ્રી જિન પૂજતાં; ચૈત્રી દિન મંગલમાલ ॥૨॥

## ॥ પ્રથમ થોય જોડો ॥

ચૈત્રી પૂનમ દિન; શત્રુંજય ગિરિ અહિઠાણ; પુંડ- રીક વર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ, આદીશ્વરકેરા, શિષ્ય પ્રથમ

જયકાર, કેવલ કમલા વર, નાભિ નરિંદ મલ્હાર ॥૧॥
ચાર જંબૂદ્વીપે, વિચરંતા જિન-દેવ, અડ ધાતકીખંડે,
સુર નર સારે સેવ, અડપુષ્કર અર્ધે, ઇણિપરે વીશ જિનેશ;
સંપ્રતિ એ સોહે, પંચ વિદેહ નિવેશ ॥૨॥
પ્રવચન પ્રવહણ સમ, ભવજલ નિધિ (થી) ને તારે;
કોહાદિક મહોટા, મત્સ્ય તણા ભય વારે,
જિહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો,
ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને, ચાખ્યો ॥૩॥
જિન- શાસન સાન્નિધ્ય કારી, વિઘન વિદારે,
સમકિત દૃષ્ટિસુર, મહિમા જાસ વધારે,
શત્રુંજય ગિરિ સેવો, જેમ પામો ભવ પાર;
કવિ ધીર વિમલનો, શિષ્ય કહે સુખ- કાર ॥૪॥

## ॥ દ્વિતીય થોય જોડો ॥

વંદુ સદા શત્રુંજય તીર્થરાજે, ચુડામણી આદિ જિણંદ ગાજે,
દુટ્ઠ કમ્મટ્ઠ વિરોધ ભાંજે, માનું શિવા-રોહણ એહ પાજે ॥૧॥
દેવાધિદેવા કૃત દેવ સેવા, સંભારીયે જ્યું ગજ ચિત્ત રેવા;
સવ્વેવિ તે થુત્તિથુઆ મહિયા, અણાગયા સંપઈ જે અઇયા ॥૨॥
જે મોહના યોધ વડા કહાયા, ચત્તારિ દુટ્ઠા કસિણા કસાયા;
તે જીતીયે આગમ ચક્ખુ પામી, સંસારપારૂત્તરણાય ધામી ॥૩॥
ચક્કેસરી ગોમુહ દેવજુત્તા, રક્ષા કરી સેવય ભાવ પત્તા;
દિયે સયા નિમ્મલ નાણ લચ્છી, હોવે પસન્ના શિવ સિદ્ધિ લચ્છી ॥૪॥

## ॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

( શેત્રુંજે જઇએ લાલન એ - દેશી)

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો; ઘેર
બેઠાં પણ બહુ ફલ પાવો, ભવિકા બહુ ફલ પાવો ॥૧॥
નંદીશ્વર યાત્રાયે જે ફલ હોવે, તેથી બમણું ફલ તે
કુંડલગિરિ હોવે ભવિકા ॥ કું૦ ॥૨॥
ત્રિગણું રૂચક ગિરિ, ચઉ ગજદતા, તેથી બમણેરું ફલ,
જંબૂ મહંતા ભવિકા ॥ જંબૂ૦ ॥૩॥
ષડ્ગણું ધાતકી, ચૈત્ય જુહારે; છત્રીસ ગણું ફલ,
પુષ્કર વિહારે ભવિકા ॥ પુ૦ ॥૪॥
તેહથી તેરસ ગણું, મેરુ ચૈત્ય જુહારે; સહસ ગણું ફલ,
સમ્મેતશિખરે ભવિકા ॥ સ૦ ॥૫॥
લાખ ગણું ફલ, અંજન ગિરિ જુહારે, દશ લાખ ગણું
ફલ, અષ્ટાપદ ગિરિનારે ભવિકા ॥ અ૦ ॥૬॥
કોડી ગણું ફલ, શ્રી શત્રુંજે ભેટે, જેમ રે અનાદિના,
દુરિત ઉમેટે ભવિકા ॥ દુ૦ ॥૭॥
ભાવ અનંતે, અનંત ફલ પાવે,
જ્ઞાન વિમલસૂરિ, એમ ગુણ ભાવે ભવિકા ॥ એ૦ ॥૮॥

## તૃતીય ચૈત્યવંદન

ચૈત્રી પૂનમને દિને, જે ઇણ ગિરિ આવે; આઠ સત્તર બહુ ભેદશું, જે ભક્તિ રચાવે, આદીશ્વર અરિ-હંતની, તસ સઘલાં કર્મ, દૂર ટલે સંપદ મલે, ભાંજે ભવ ભર્મ, ઇહ ભવ પરભવ ભવ ભવ એ ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ; જ્ઞાનવિમલ ગુણમણિ તણો, ત્રિભુવન તિલક સમાન ॥ ૩ ॥

પછી જયતિહુઅણ સ્તોત્ર કહેવું તે નીચે પ્રમાણે-

## ॥ જય-તિહુઅણ સ્તોત્રમ્ ॥

જય તિહુઅણ વરકપ્પરૂક્ખ ! જય જિણધન્નંતરિ !
જય તિહુઅણ કલ્લાણકોસ ! દુરિઅક્કરિ કેસરિ !
તિહુ-અણજણઅવિલં ઘિઆણ ભુવણત્તય સામિઅ !
કુણસુ સુહાઇજિણેસપાસથંભણપુર ટ્ઠિઅ ॥૧॥
તઇ સમરંત લહંતિઝત્તિવરપુત્તકલત્તઈ;
ધણ્ણ સુવણ્ણ હિરણ્ણ પુણ્ણ જણ ભુંજઇ રજ્જઇ,
પિક્ખઇ મુક્ખ અસંખ- સુક્ખ તુહ પાસ !
પસાઇણ; ઇઅ તિહુઅણવરકપ્પ-રુક્ખ !
સુક્ખઇ કુણ મહ જિણ ! ॥ ૨ ॥
જરજ્જર- પરિ જુણ્ણકણ નટ્ઠસુકુટ્ઠિણ,
ચક્ખુક્ખીણખએણ ખુણ્ણ નરસલ્લિયસૂલિણ;
તુહ જિણ સરણરસાયણેણ લહુ હુંતિ પુણણ્ણવ,
જય ધન્નંતરિ પાસ મહવિ તુહ રોગહરો ભવ ॥૩॥
વિજ્જાજોઈસમંતતંત સિદ્ધઉ અ-પયત્તિણ,
ભુવણબ્ભુઉ અટ્ઠવિહ સિદ્ધિ સિજ્ઝહિ તુહ નામિણ;
તુહ નામિણ અપવિત્તઓવિ જણ હોઇ પવિ-ત્તઉ,
તં તિહુઅણ કલ્લાણકોસ તુહ પાસ નિરુત્તઉ ॥૪॥
ખુદ્દ પઉત્તઇ મંતતંત જંતાઇ વિસુત્તઇ,
ચર થિરગર-લગહુગ્ગખગ્ગરિઉવગ્ગુવિગં જઇ,
દુત્થિયસત્થઅણત્થ -ઘત્થ નિત્થારઇ દય કરિ;
દુરિયઇ હરઉ સ પાસ દેઉ દુરિયક્કરિકેસરિ ॥૫॥

તુહ આણા થંભેઇ ભીમદપ્પુ-દ્ધર સુરવર,
રક્ખસજક્ખફણિંદવિંદ ચોરાનલજલહર,
જલથલ ચારિરઉદ્દ-ખુદ્દ-પસુજોઇણિ જોઇય;
ઇય તિ-હુઅણ અવિલંઘિઆણ જય પાસ સુસામિય ॥૬॥
પત્થિય અત્થ અણત્થ તત્થ ભત્તિબ્ભર નિબ્ભર,
રો-મંચંચિયચારુકાય કિન્નરનર સુરવર;
જસુ સેવહિ કમકમલજુયલ પક્ખાલિય કલિમલુ;
સો ભુવણત્તય પાસ મહ મદ્દઉ રિઉબલુ ॥ ૭ ॥
જય જોઇય મણકમલ-ભસલભયપંજરકુંજર;
તિહુઅણજણઆણંદચંદ ભુવણત્તયદિણયર,
જય મઇમેઇણિ વારવાહ જય જંતુપિયામહ,
થંભણયટ્ઠિયપાસનાહ નાહત્તણ કુણમહ ॥ ૮ ॥
બહુ વિહ વન્નુ અવન્નુ સુન્નુ વન્નિઉ છપ્પન્નિહિ;
મુક્ખધમ્મકામત્થકામ નર નિયનિય સ-ત્થિહિ,
જં ઝાયઇ બહુ દરિસણત્થબહુનામ પસિદ્ધઉ;
સો જાઇય મણ કમલ ભસલ સુહુ પાસ પવદ્ધઉ ॥ ૯ ॥
ભય વિબ્ભલરણઝણિરદસણ થરહરિયસરીરય તર-
લિય નયણ વિસુન્નસુન્ન ગગ્ગરગિર કરુણય,
તઇ સ-હસત્તિ સરંત હુંતિ નરનાસિયગુરુદર,
મહ વિજ્ઝવિસિજ્ઝસઈ પાસ ભયપંદર-કુંજર ! ॥૧૦॥
પઇંપાસિ વિયસંતનિત્તપત્તત પવિત્તિય,
બાહપવાહપ-વૂઢરૂઢ દુહદાહસુ પુલઇય;
મન્નઇ મન્નુ સઉન્નુ પુન્નુઅપ્પાણ સુરનર;
ઇગ તિહુયણઆણંદ ચંદ જય પા-સજિણેસર ॥૧૧॥

તુહ કલ્લાણમહેસુઘંટટંકારવા પિલ્લિય-વલ્લિર
મલ્લમહલ્લભત્તિસુર વરગં જુલ્લિય,
હલ્લુપ્ફલિય-પવયંતિ ભુવણેવિ મહુસવ;
ઇય તિહુઅણ આણંદચંદ જય પાસ સુહુબ્ભવ ॥૧૨॥
નિમ્મલકેવલકિરણ નિયર વિહુરિયતમ પહયર;
દંસિયસયલપયત્થ વિત્થ-રિય પહાયર;
કલિકલુસિય જણ ઘૂયલોયલોયહહઅ-ગોચર;
તિમિરઈ નરુહર પાસનાહ ભુવણત્તય દિણયર ॥૧૩॥
તુહ સમરણ જલવરિસ સિત્તમાણવમઇ મેઇણિ;
અવરાવર સુહુમત્થબોહકંદલદલરેહણિ જાયઇ
ફુલભ-રભરિયહરિય દુહદાહઅમોવમ;
ઇય મઇમેઇણિવારિ-વાહ દિસ પાસ મઇં મમ ॥૧૪॥
કય અવિકલ કલ્લાણ વલ્લિઉલ્લુરિયદુહવણુ;
દાવિયસગ્ગપવગ્ગમગ્ગ દુગ્ગઈ ગમવારણુ;
જય જંતુહુ જણએણ તુલ્લ જં જણિય હિયાવહુ;
રમ્મુ ધમ્મુ જયઉ સો પાસ જય જંતુ પિયામહુ ॥૧૫॥
ભુવણારણ્ણ નિવાસ દરિય પરદ-રિસણ દેવય;
જોઇણિ પૂયણ ખિત્તવાલ ખુઘાસુર પસુવય;
તુહ ઉત્તટ્ઠસુનટ્ઠસુટ્ઠઅવિસંઠુલુ ચિટ્ઠહિ; ઇય
તિહુઅણવણસીહ પાસ પાવાઇ પણાસહિ ॥ ૧૬ ॥
ફણિફણફાર ફુરંત રયણકર રંજિય નહયલ;
ફલિણી કંદલઘલતમાલનીલુપ્પલ સામલ;
કમઠાસુર ઉવસગ્ગ વગ્ગ સંસગ્ગ અગંજિય;
જય ૬ પચ્ચક્ખજિણેસ પાસ થંભણયપુરટ્ઠિય ॥૧૭॥

મહમણુ તરલુ પમાણુ નેય વાયાવિ વિસંઠુલુ;
નય તણુરવિ અવિણયસહાવુઅ- લસવિહલંઘલુ;
તુહ માહપ્પુ પમાણુ દેવ ! કારુણ્ણ પવિત્તઉ;
ઇમ મઇમા અવહીરિ પાર પાલિહિ વિલ-વંતઉ ॥૧૮॥
કિં કિં કપ્પિઉનેય કલુણુ કિં કિં વન જંપિઉ;
કિં વન ચિટ્ઠિઉ કિટ્ઠિ દેવ ! દીણયમવલંબિઉં
કાસુ ન કિય નિપ્ફલ્લ લલ્લિ અમ્હે હિદુહત્તહિ;
તહવિ નપત્તઉતાણુ કિંપિ પઇ પહુ પરિચત્તહિ ॥૧૯॥
તુહુ સામિઉ તુહુ માય બપ્પુ તુહુ મિત્ત પિયંકરુ;
તુહુ ગઈ તુહુ મઇતુહુ જીતાણુ તુહુ ગુરુખેમંકરુ;
હઉં દુહ-ભરભરિઉ વરાઉ રાઉલ નિબ્ભગ્ગહ;
લીણઊ તુહ કમકમલ સરણુ જીણ પાલહિ ચંગહ ॥૨૦॥
પઇ કિવિ કય નીરોયલોય કિવિ પાવિય સુહસય;
કિવિ મઇમંત મહંત કેવિ કિવિ સાહિયસિવપય;
કિવિ ગંજિયરિઉવગ્ગ કેવિ જસધવલિય ભૂયલ;
મઇ અ-વહીરહિ કેણ પાસ સરણાગયવચ્છલ ! ॥૨૧॥
પચ્ચુ-વયારનિરીહ નાહ નિપ્ફન્ન પઓયણ
તુહજિણ પાસપરોવયારકરણિક્કપરાયણ;
સત્તુમિત્તસમચિત્ત વિત્તિ નયનિંદયસમમણ;
મા અવહીરિઅજુગ્ગઉવિ મઇ પાસનિર જણ ! ॥૨૨॥
હઉં બહુ વિહદુહતત્તગુત તુહ દુહનાસણપરૂ;
હઉં સુયણહ કરૂણિક્કઠાણુ તુહુ નિરૂકરુ-ણાયરુ;
ઉ જીણપાસઅ સામિસાલુ તુહુ તિહુઅણસામિય;
જં અવહીરહિ મઇ જખંત ઇય પાસ ન સોહિય ॥૨૩॥

---

આ ગાથાના ઉચ્ચારણ વખતે સ્તુતિ કર્તાને પ્રભુ પ્રતિમાના પ્રત્યક્ષ દર્શન થયેલાં, તેથી જ અહિંયા "પચ્ચક્ખ" શબ્દ મૂક્યો છે.

જુગ્ગાજુગ્ગ વિભાગ નાહ નહુ જોયહિ તુહ સમ;
ભુવણુવયારસહાવભાવકરૂણારસસત્તમ;
સમવિસમઇ કિં ઘણુ નિયઇ ભુવિ દાહ સમંતઉ;
ઇય દુહિબંધવ પાસનાહ મઇપાલ થુણંતઉ ॥૨૪॥
નય દીણહ દીણયું મુયહિ અન્નુવિ કિવિ જુગ્ગય;
જં જોઇવિઉવયાર કરહિ ઉવયાર સમુજ્જય;
દીણહદીણુ નિહીણુ જેણતાઈનાહિણ ચત્તઉ;
તો જુગ્ગઉ અહમેવ પાસ પાલહિ મઇ ચંગઉ ॥ ૨૫ ॥
અહ અન્નુવિ જુગ્ગય વિસેસુ કિવિ મન્નહિ દીણહ;
જંપાસિવિ ઉવયારૂ કરઇ તુહ નાહ સમગ્ગહ;
સુચ્ચિય કિલ કલ્લાણુ જેણ જિણ તુમ્હ પસીયહ,
કિં અન્નિણ તં ચેવ દેવ ! મા મઈ અવહીરહ ॥૨૬॥
તુહ પત્થણ ન હુ હોઇ વિહલુ જિણ જાણઉ કિં પુણ
દુક્ખિઉ નિરુસત્તચત્ત દુક્ખહુ ઉસ્સુ-યમણ,
તં મન્નઉ નિમિસેણ એઉ એઉવિ જઇ લબ્ભઇ,
સચ્ચં જં ભુક્ખિયવસેણ કિં ઉંબરુ પચ્ચઇ ॥ ૨૭ ॥
તિહુઅણ સામિય પાસ નાહ મઇ અપ્પુ પયાસિઉ,
કિજ્જઉ જંનિયરૂવ સરિસુ ન મુણઉ બહુ જંપિઉ;
અન્નુ નજિણ જગ્ગિ તુહ સમોવિ દક્ખિન્નુદયાસઉ,
જઈ અવગન્નસિ તુહજિણ અહહ કહ હોસુ હયાસઉ ॥૨૮॥
જઇ તુહ રૂવિણ કિણવિ પેયપાઇણ વેલવિયઉ;
તુવિ જાણઉ જિણ પાસ તુમ્હિ હઉં અંગીકરિઉ;
ઇય મહ ઇચ્છિઉ જં ન હોઇ સા તુહ ઓહાવણુ,
રક્ખં તહ નિય નિય કિત્તિણેય ! જુજ્જઇ અવહીરણુ॥૨૯॥

એહ મહારિય જત્તુદેવ ઇહુ ન્હવણ મહૂસઉ;
જં અણલિયગુણ ગહણ તુમ્હ મુણિજણ અણિસિદ્ધઉ;
એસ પસીય સુપાસહનાહ થંભયપુરટ્ઠિય,
ઇય મુણિવરુ સિરિ અભયદેઉ વિન્નવઈ અણિંદિય ॥૩૦॥

( ઇતિ શ્રી જયતિહુઅણસ્તોત્રં સમાપ્તમ્ )

## ॥ દેવવંદનનો ચોથો જોડો ॥

વિધિ-પૂર્વની માફક જાણવી. વિશેષમાં સઘળી વસ્તુ અને સઘળી ક્રિયામાં દશને ઠેકાણે ચાલીસ જાણવી. અહીંયા સંતિકરંને સ્થાને 'ભક્તામર' અગર 'કલ્યાણ-મંદિર' કહેવું. જે જોડાને અંતે લખેલ છે. તેમજ વંદનની વિધિ પહેલાંની પેઠે જાણવી.

## ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરીક ગિરિ સાચો;
વિમલાચલને તીર્થરાજ, જસ મહિમા જાચો,
મુક્તિ-નિલય શતકૂટ નામ, પુષ્પદંત ભણીજે,
મહાપદ્મ ને સહસ્રપત્ર, ગિરિરાજ કહીજે;
ઇત્યાદિક બહુ ભાતિ-સું એ, નામ જપો નિરધાર,
ધીર વિમલક વિરાજનો, શિષ્ય કહે સુખકાર ॥ ૧ ॥

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

રજત કનક મણિ જડિતનાં, ભૂષણ વિરચાવો;
તિલક મુકુટ કુંડલ યુગલ, બેહેરખા બનાવો;
રૂચિર જ્યોતિ મોતી તણા, કંઠે ઠવો હાર;
કંદોરો શ્રીફલ કરે, આપીજે સાર;
એણિ પરે બહુવિધ ભૂષણે, શોભાવો જીન દેહ;
જ્ઞાનવિમલ કહે તેહને, શિવવધૂ વરે ધરી નેહ ॥૧॥

## ॥ પ્રથમ થોય જોડો ॥

ઋષભદેવ નમું ગુણ નિર્મલા, માંહે ભેલી સીતોપલા;
વિમલશૈલ તણા શણગાર છે, ભવ ભવ મુજ ચિત્તે તે રૂચે ॥૧॥
જેહ અનંત થયા જીન કેવલી, જેહ હશે વિચરંતા તે વલી;
જેહ અસાસય સાસય ત્રિહું જગે, જિન પડિમા પ્રણમું નિત જગમગે ॥ ૨ ॥
સરસ આગમ, અક્ષર મહોદધિ, ત્રિપદી ગંગ તરંગ કરી વધી;
ભવિક દેહ સદા પાવન કરે, દુરિત તાપ રજોમલ અપહરે ॥ ૩ ॥
જીનશાસન ભાસન કારિકા, સુરસુરી જીન આણા ધારિકા;
જ્ઞાનવિમલ પ્રભુતા દિયે દંપતી, દુરિત દુષ્ટતણા ભય જીપતી ॥ ૪ ॥

## ॥ દ્વિતીય થોય જોડો ॥

( માલિની વૃત્તં )

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો;
વિમલગિરિ વધાવો, મોતિયાં થાલ લાવો;
જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો;
ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો ॥ ૧ ॥
શુભ કેશર (ઘસી) ઘોલી, માંહે કર્પૂર ચોલી;
પહેરી સિત પટોલી, વાસિયે ગંધ ઘોલી;
ભરી પુષ્કર નોલી, ટાલિયે દુઃખ હોલી;
સવિ જીનવર ટોલી, પૂજીયે ભાવ ભોલી ॥ ૨ ॥
શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર;
વલી મૂલ સૂત્ર ચાર, નંદી અનુયોગદ્વાર;
દશ પયન્ના ઉદાર, છેદ ષટ્ વૃતિ સાર,
પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિસાર ॥૩॥
જય જયનંદા, જૈનદૃષ્ટિ સૂરીંદા;

કરે પરમાનંદા, ટાલતા દુઃખ દંદા,
જ્ઞાનવિમલ સૂરીંદા, સામ્ય માકંદ કંદા;
વર વિમલ ગિરીંગા, ધ્યાનથી નિત્ય ભદ્દા ॥ ૪ ॥

## ॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

( આજ સખી શંખેસરો- એ દેશી )

એ ગિરૂઓ ગિરિ રાજીઓ, પ્રણમી જે ભાવે,
ભવભવ સંચિત આકરાં, પાતકડાં જાવે ॥ ૧ ॥
વજલેપ સમ જે હોવે, તે પણ તસ દૂર;
એહનું દર્શન કીજીએ, ધરી ભક્તિ પડુંર ॥ ૨ ॥
ચંદ્રશેખર રાજા થયો, નિજ ભગિની લુબ્ધો;
તે પણ એ ગિરિ સેવતાં, ક્ષણ માંહે સિધ્યો ॥ ૩ ॥
શુક રાજા જય પામીયો, એહને સુપ-સાયે,
ગૌહત્યાદિક પાપ જે, તે દૂર પલાયે ॥ ૪ ॥
અગમ્ય અપેય અભક્ષ્ય જે, કીધાં જેણે પ્રાણી;
તે નિર્મલ ઇણ ગિરિ થયા, એ જીનવર વાણી ॥૫॥
વાઘ સર્પ પ્રમુખા પશુ, તે પણ શિવ પામ્યા;
એ તીરથ સેવ્યા થકી, સવિ પાતક વામ્યા ॥૬॥
ચૈત્રી પૂનમે વંદતાં, ટલે દુઃખ કલેશ;
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, હોય સુજસ વિશેષ ॥૭॥

## તૃતીય ચૈત્યવંદન

પ્રેમે પ્રણમો પ્રથમ દેવ, શત્રુંજય ગિરિ મંડન; ભવિયણ મન આનંદ કરણ, દુઃખ દોહગ ખંડણ; સુર નર કિન્નર નમે તુજ, ભક્તિશું પાયા; પાવ પંક ફેડે સમત્થ, પ્રભુ ત્રિભુવન

રાયા; જ્ઞાનવિમલ પ્રભુ તુમ તણે, ચરણે શરણે રાખો;
કર જોડીને વિનવું, મુક્તિમાર્ગ મુજ દાખો ॥ ૩ ॥
પછી ભક્તામર સ્તોત્ર નીચે પ્રમાણે કહેવું.

## ॥ શ્રી ભક્તામર સ્તોત્રમ્ ॥

( સપ્તમં સ્મરણમ્ )

ભક્તામર પ્રણતમૌલિમણિપ્રભાણા-મુદ્યોતકંદ-
લિતપાપતમોવિતાનમ્ ॥
સમ્યક્ પ્રણમ્ય જિનપાદ-યુગં યુગાદા-વાલંબનં
ભવજલે પતતાં જનાનામ્ ॥૧॥
યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા-દુદ્ભૂત-બુદ્ધિપટુભિઃ
સુરલોકનાથૈઃ ॥ સ્તોત્રૈર્જગત્ત્રિતયચિ-ત્તહરૈરૂદારૈઃ,
સ્તોષ્યે કિલાહમપિતં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૨॥
બુદ્ધયા વિનાપિ વિબુધાર્ચિતપાદપીઠ !,
સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોડહમ્ ॥
બાલં વિહાય જલ-સંસ્થિતમિંદુબિંબ-મન્યઃ
ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥૩॥
વક્તું ગુણાન ગુણસમુદ્ર ! શશાંક કાંતાન્,
કસ્તે ક્ષમઃ સુરગુરુપ્રતિમોડપિ બુદ્ધયા ॥
કલ્પાંતકા-લપવનોદ્ધતનક્રચક્રં,
કોવા તરીતુમલમંબુનિધિં ભુજા-ભ્યામ્ ॥૪॥
સોડહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ !,
કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ ॥
પ્રીત્યાત્મ-વીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં,
નાભ્યેતિ કિં નિજશિશોઃપરિપાલનાર્થમ્ ॥૫॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ-ધામ,
ત્વદ્‌ભક્તિરેવ મુખરીકુરૂતે બલાન્મામ્ ॥
યત્કો-કિલઃકિલ મધૌ મધુરં વિરૌતિ,
તચ્ચારૂચૂતકલિકાનિ-કરૈકહેતુઃ ॥૬॥
ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિબદ્ધં,
પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીરભાજામ્ ॥
આક્રાંતલો-કમલિનીલશેષમાશુ,
સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમં-ધકારમ્ ॥૭॥
મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ-મારભ્યતે
તનુધિયાડપિ તવ પ્રભાવાત્ ॥
ચેતો હરિ-ષ્યતિ સતાં નલિનીદલેષુ,
મુક્તાફલદ્યુતિમુપૈતિ નનૂદ-બિંદુઃ ॥૮॥
આસ્તાં તવ સ્તવનમસ્તસમસ્ત દોષં,
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ ॥
દૂરે સહસ્ત્ર-કિરણઃ કુરુતે પ્રભૈવ,
પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ॥૯॥
નાત્યદ્‌ભુતં ભુવનભૂષણ ભૂતનાથ !,
ભૂતૈર્ગુણૈ-ર્ભુવિ ભવંતમભિષ્ટુવન્તઃ ॥
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા,
ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥૧૦॥
દૃષ્ટવા ભવન્તમનિમેષવિલોકનીયં,
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ॥
પીત્વા પયઃ શશિકર-દ્યુતિદુગ્ધસિંધોઃ,
ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્ ॥૧૧॥
યૈઃ શાંતરાગરૂચિભિઃ પરમાણુભિસ્ત્વં,
નિર્મા-પિતસ્ત્રિભુવનૈકલલામભૂત ॥

તાવંત એવ ખલુ તેડપ્ય-ણવઃ પૃથિવ્યાં,
યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥૧૨॥
વક્ત્રંક્વ તે સુર-નરોરગનેત્રહારિ,
નિઃશેષનિ-ર્જિત જગત્ત્રિતયોપમાનમ્ ॥
બિંબ કલંકમલિનં ક્વ નિશાકરસ્ય,
યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્ ॥૧૩॥
સંપૂર્ણ મંડલશશાંકકલાકલાપ,
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ॥
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વરનાથમેકં,
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥ ૧૪ ॥
ચિત્રં કિમત્ર યદિતે ત્રિદશાંગનાભિ-ર્નીતં
મનાગપિ મનો ન વિકાર માર્ગમ્ ॥
કલ્પાંત-કાલમરુતા ચલિતાચલેન,
કિં મંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ॥૧૫॥
નિર્ધૂ- મવર્તિરપવર્જિતતૈલપુરઃ,
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ ॥
ગમ્યો ન જાતુ મરૂતાં ચલિતાચલાનાં,
દીપોડપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશ ॥૧૬॥
નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુ ગમ્યઃ,
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગંતિ ॥
નાંભોધરોદરનિરૂદ્ધ મહાપ્રભાવઃ ॥
સૂર્યાતિશાયિમહિમાસુ મુનીંદ્ર ! લોકે ॥૧૭॥
નિત્યો- દયં દલિતમોહમહાંધકારં,
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ॥
વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાંતિ,
વિદ્યોતયજ્જગદપૂર્વશશાંકબિંબમ્ ॥૧૮॥

કિં શર્વ-રીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા,
યુષ્મન્મુખેં દુદલિતેષુ તમસ્સુ નાથ ॥
નિષ્પન્નશાલિ વનશાલિનિ જીવલોકે,
કાર્યં કિયજ્જલધરૈર્જલભાર નમ્રૈઃ ॥૧૯॥
જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ॥
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં,
નૈવં તુ કાચશકલે કિરણાકુલેડપિ ॥ ૨૦ ॥
મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા,
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષ-મેતિ ॥
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ,
કશ્ચિ-ન્મનો હરતિ નાથ ! ભવાંતરેડપિ ॥૨૧॥
સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાનં,
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ॥
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રર-શ્મિ,
પ્રાચ્યેવ દિગ્ જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥૨૨॥
ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ-
માદિત્યવર્ણમ-મલ તમસઃ પરસ્તાત્ ॥
ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું,
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીંદ્ર ! પંથાઃ ॥૨૩॥
ત્વામ-વ્યયં વિભુમચિંત્યમસંખ્ય-માદ્યં,
બ્રહ્માણમીશ્વર મનંતમનંગકેતુમ્ ॥
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં,
જ્ઞાનસ્વરૂપ-મમલં પ્રવદંતિ સંતઃ ॥૨૪॥

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિતબુદ્ધિબોધાત્,
ત્વં શંકરોઽસિ ભુવનત્રયશંકરત્વાત્ ॥
ધાતાસિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત્,
વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરૂષોત્તમોઽસિ ॥૨૫॥
તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ॥
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવો- દધિશોષણાય ॥૨૬॥
કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈ-રશેષૈ-સ્ત્વં
સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ॥
દોષૈરુ-પાત્તવિધાશ્રયજાતગર્વૈઃ ॥
સ્વપ્રાંતરેઽપિ ન કદાચિ-દપીક્ષિતોઽસિ ॥૨૭॥
ઉચ્ચૈરશોકતરૂસંશ્રિતમુન્મયૂખ -માભાતિ
રૂપમમલં ભવતો નિતાંતમ્ ॥
સ્પષ્ટોલ્લ-સત્કિરણમસ્તતમોવિતાનં,
બિમ્બ રવેરિવ પયોધર-પાર્શ્વવર્તિ ॥૨૮॥
સિંહાસને મણિમયૂખશિખાવિ-ચિત્રે,
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ॥
બિંબં વિયદ્વિલસદંશુલતાવિતાનં,
તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ ॥૨૯॥
કુંદાવદાતચલચામર ચારૂશોભં,
વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાંતમ્ ॥
ઉદ્યચ્છશાંકશુ-ચિનિર્જરવારિધાર-
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાત-કૌમ્ભમ્ ॥૩૦॥

છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત-મુચ્ચૈઃ
સ્થિતં સ્થગિતભાનુકરપ્રતાપમ્ ॥
મુક્તાફલ-પ્રકરજાલવિવૃદ્ધશોભં,
પ્રખ્યાપયત્રિજગતઃ પરમેશ્વ-રત્વમ્ ॥૩૧॥
ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાંતિ-પર્યુલ્લ-
સન્નખમયૂખશિખાઽભિરામૌ ॥
પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર ! ધત્તઃ,
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ ॥૩૨॥
ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેંદ્ર !,
ધર્મો-પદેશનવિધૌ ન તથા પરસ્ય ॥
યાદૃક્ પ્રભા દિનકૃતઃપ્રહતાંધકારા,
તાદક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ ॥ ૩૩ ॥
શ્ચ્યોતન્મદાવિલવિલોલકપોલમૂલ,
-મત્તભ્ર-મદ્ ભ્રમરનાદવિવૃદ્ધ કોપમ્ ॥
ઐરાવતાભમિભમુદ્ધત-માપતન્તં,
દૃષ્ટવા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥૩૪॥
ભિન્નેભકુંભગલદુજ્જ્વલશોણિતાક્ત,
મુક્તા-ફલપ્રકરભૂષિતભૂમિભાગઃ ॥
બદ્ધક્રમઃ ક્રમગતં હરિ-ણાધિપોઽપિ,
નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે ॥૩૫॥
કલ્પાંતકાલ પવનોદ્ધતવહ્નિ કલ્પં,
દાવાનલં જ્વલિત-મુજ્જવલ મુત્સ્ફુલિંગમ્ ॥
વિશ્વં જિઘત્સુમિવસંમુખ-માપતંતં,
ત્વન્નામકીર્ત્તનજલં, શમયત્યશેષમ્ ॥૩૬॥

રક્તેક્ષણં સમદકોકિલકંઠનીલ,
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફ-ણમાપતંતમ્ ॥
આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક-
સ્ત્વન્નામનાગમદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥
વલ્ગ-ત્તુરંગગજગર્જિતભીમનાદ-માજૌબલં
બલવતામપિ ભૂપતીનામ્ ॥
ઉદ્યદિવાકરમયૂખશિખા પવિદ્ધં,
ત્વત્કી-ર્ત્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ ॥૩૮॥
કુતાગ્ર ભિન્ન-ગજશોણિતવારિવાહ,
વેગાવતારતરણાતુરયોધભીમે ॥
યુદ્ધે જયં વિજિતદુર્જયજેયપક્ષા-
સ્ત્વત્પાદપંકજ- વનાશ્રયિણો લભંતે ॥૩૯॥
અંભોનિધૌ ક્ષુભિતભીષ-ણનક્રચક્ર-
પાઠીનપીઠભયદોલ્બણવાડવાગ્નૌ ॥
રંગત્ત રંગશિખરસ્થિતયાનપાત્રા,
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજંતિ ॥૪૦॥
ઉદ્ભૂતભીષણજલોદર ભાર-ભુગ્નાઃ,
શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવિતાશાઃ ॥
ત્વંત્પાદપંકજરજોમૃતદિગ્ધદેહા,
મર્ત્યા ભવંતિ મક-રધ્વજતુલ્યરૂપાઃ ॥૪૧॥
આપાદકંઠમુરુશૃંખલવેષ્ટિ-તાંગા,
ગાઢં બૃહન્નિગડકોડિનિઘૃષ્ટજંઘાઃ ॥
ત્વન્ના-મમંત્રમનિશં મનુજાઃ સ્મરંતઃ,
સદ્યઃ સ્વયં વિગત-બંધભયા ભવંતિ ॥૪૨॥
મત્તદ્વિપેંદ્રમૃગરાજદવાન-લાહિ-સંગ્રામ-
વારિધિ-મહોદરબંધનોત્થમ્ ॥

ત-સ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ,
યસ્તાવકં સ્તવ-મિમં મતિમાનધીતે ॥૪૩॥
સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં,
ભક્ત્યા મયા રૂચિરવર્ણ વિચિત્રપુ-ષ્પામ્ ॥
ધત્તે જનો ય ઇહ કંઠગતામજસ્ત્રં,
તં માન-તુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

## ॥ દેવવંદનનો પાંચમો જોડો ॥

વિધિ-અહીંયાં પૂર્વની પેરે સર્વ વસ્તુ દસને બદલે પચાસ લેવી, અને સર્વ વિધિમાં દશને ઠેકાણે પચાસ પચાસ કરવી. છેવટે ચૈત્યવંદન ભાષ્ય કહેવું અને દેવવંદનની વિધિ પણ પ્રથમની પેઠે જાણવી, જે જોડાને અંતે આપેલ છે.

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

શેત્રુંજય શિખરે ચઢીયા સ્વામી, કહીયે હુ અર્ચીશુ;
રાયણ તરૂવર તલે પાય, આણંદે ચરચીશું;
ન્હવણ વિલેપન પૂજના, કરી આરતી ઉતારીશ;
મં-ગલ દીપક જ્યોતિ થુતિ, કરી દુરિત નિવારીશ;
ધન્ય ધન્ય તે દિન માહરો એ; ગણીશ સફલ અવતાર;
નય કહે આદીશ્વર નમો, જીમ પામો જયકાર ॥ ૧ ॥

### ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુમ ગુણગણને બોલવા, રસના મુઝ હરખે;
કાયા અતિ આણંદ મુજ, તુમ યુગ પદ ફરસે;

તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે;
એમ જાણીને સાહેબા એ, નેક નજરે મોહિ જોય;
જ્ઞાનવિમલ પ્રભુ સુનજ- રથી, તે શું જે નવિ હોય ॥ ૧ ॥

## ॥ પ્રથમ થોય જોડો ॥

જિહાં ઓગણ્યોતર કોડાકોડી, તેમ પંચાશી લખવલી જોડી,
ચુમ્માલીશ સહસ્સ કોડી; સમવસર્યા જિહાં એતી વાર,
પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર ॥ ૧ ॥
સહસકુટ અષ્ટાપદ સાર, જિન ચોવીશ તણા ગણધાર,
પગલાંનો વિસ્તાર; વલી જિનબિંબ તણો નહીં પાર,
દેહરી થંભે બહુ આકાર, વંદુ વિમલગિરિ સાર ॥ ૨ ॥
એંશી સિત્તેર સાઠ પચાસ, બાર જોયણ માને જસ વિસ્તાર,
ઇગ દુતિ ચઉ પણ આર; માન કહ્યું એહનું નિરધાર,
મહિમા એહનો અગમ અપાર, આગમ માંહે ઉદાર ॥ ૩ ॥ ચૈત્રી
પૂનમ દિને શુભ ભાવે, સમકિતદૃષ્ટિ સુરનર આવે,
પૂજા વિવિધ રચાવે; જ્ઞાનવિમલસૂરિ ભાવના ભાવે,
દુરગતિ દોહગ દૂર ગમાવે, બોધિબીજ જસ પાવે ॥ ૪ ॥

## ॥ દ્વિતીય થોય જોડો ॥

શત્રુંજય સાહેબ પ્રથમ જિણંદ, નાભિ ભૂપ કુલ કમલ દિણંદ,
મરૂદેવીનો નંદ; જસ મુખ સોહે પૂનમ ચંદ, સેવા સારે ઇંદ
નરિંદ, ઉન્મૂલે દુઃખ દંદઃ, વંછિત પૂરણ સુરતરૂ કંદ,
લંછન જેહને સુરભિનંદ, ફેડે ભવ ભય ફંદ;
પ્રણમે જ્ઞાનવિમલ સૂરીંદ;
જેહના અહોનિશ પદ અરવિંદ, નામે પરમાનંદ ॥ ૧ ॥

શ્રી સીમંધર જિનવર રાજે, મહાવિદેહે બાર[1] સમાજે,
ભાખે ઇમ ભવિ કાજે; સિદ્ધક્ષેત્ર નામે ગીરિરાજે,
એક જ ભરત માંહે એ છાજે; ભવજલ તરણ જહાજે;
અનંત તીર્થ- કરવાણી ગાજે, ભવિ મન કેરા સંશય ભાંજે,
સેવક જનને નિવાજે, વાજે તાલ કંસાલ પવાજે,
ચૈત્રી મહોત્સવ અધિક દીવાજે, સુર નર સજી બહુ સાજે ॥ ૨ ॥
રાગ દ્વેષ વિષ ખીલણ મંત, ભાજી ભવ ભય[2] ભાવઠ[3] ભ્રાંત,
ટાલે દુઃખ દુરંત; સુખ સંપત્તિ હોય જે સમરંત,
ધ્યાયે અહનિશ સઘલાં સંત, ગાયે ગુણ મ-હંત,
શિવસુંદરી વશ કરવા તંત, પાપ તાપ પીલણ એ જંત,
સુણીએ તે સિદ્ધાંત; આણી મોટી મનની ખંત,
ભવિયણ ધ્યાવો એકણ ચિત્ત, રાન વેલાઉલહુંત[6] ॥ ૩ ॥
આદિ જીનેશ્વર પદ અનુસરતી, ચતુરંગુલ ઊંચી રહે ધરતી,
દુરિત ઉપદ્રવ હરતી; સરસ સુધારસ વયણ ઝરંતી,
જ્ઞાનવિમલ ગીરિ સાન્નિધ્ય કરંતી, દુશ્મન દુષ્ટ દલંતી;
દાડિમ પક્વ કલી સમદંતી, જ્યોતી ગુણ ઈહાં રાજી પંતી,
સમકિત બીજ વપંતી; ચક્કેસરી સુરસુંદરી હુંતી,
ચૈત્રીપૂનમ દિન આવં- તી, જય જયકાર ભણંતી ॥ ૪ ॥

## ॥ શ્રી વિમલગિરિજીનું સ્તવન ॥

તીરથ વારૂ એ તીરથ વારૂ. સાંભલજો સો તારૂ રે;
ભવજલનિધિ તરવા ભવિ જનને, પ્રવહણ પરે એ તારૂ રે ॥
તીરથ૦ ॥૧॥
એ તીરથનો મહિમા મોટો, નવિ માને તે કારૂ રે;

પાર ન પામે કહેતાં કોઈ,પણ કહીયે મતિ સારૂ રેં ॥
તીરથ૦ ॥૨॥
સાધુ અનંતા ઈહાંકણે સિદ્ધા, અંત કર્મના કીધાં રે;
અનુ-ભવ અમૃત રસ જિણે પીધા, અભયદાન જગ દીધાં રે ॥
તીરથ૦ ॥૩॥
નમિ વિનમિ વિદ્યાધર નાયક,દ્રવિડ વારિખિલ્લ જાણો રે;
થાવચ્ચા શુક સેલગ મુનિ ને નારદ મુનિવર,
શાંબ પ્રદ્યુમ્ન કુમારો રે; મહાનંદ પદ પામ્યા તેહના,
મુનિવર બહુ પરિવારો રે
॥ તીરથ૦ ॥૫॥
તેહ ભણી સિદ્ધક્ષેત્ર એહનું, નામ થયું નિરધાર રે,
શત્રુંજય કલ્પે માહાત્મ્યે, એહનો બહુ અધિકાર રે
॥ તીરથ૦ ॥ ૬ ॥
તીરથ નાયક વાંછિત દાયક, વિમલાચલ જે ધ્યાવે રે;
જ્ઞાન-વિમલસૂરિ કહે તે ભવિને, ધર્મ શર્મ ઘરે આવે રે ॥
તીરથ૦ ॥ ૭ ॥ ઇતિ

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

માદલ તાલ કંસાલ સાર, ભુંગલ ને ભેરી;
ઢોલ દદામા (દુંદુભી) દડવડી, સરણાઈ નફેરી;
શ્રી મંડલ વીણા રબાવ, સારંગી સારી, તંબૂરા કડતાલ શંખ,
ઝલ્લરી ઝણકાર; વાજિંત્ર નવ નવ છંદ શું એ,
ગાઓ જિનગુણ ગીત; જ્ઞાનવિમલ પ્રભુતા લહો,
જિમ હોય જગે જસ રીત ॥૧॥

૧. દિવાળીના દેવવંદન દિવાળી પર્વમાં આરાધાય છે. અને તેમાં પ્રભુ મહાવીર પરમાત્મા તથા ગૌતમ ગણધર ભગવંતની પર્યુપાસના અને ગુણાનુવાદ કરવામાં આવે છે. જ્ઞાનપંચમીના દેવવંદનમાં પાંચ જ્ઞાનનું સ્વરૂપ અને તેનું વર્ણન કરવામાં આવેલ છે. મૌન એકાદશીના દેવવંદન- મૌન એકાદશી-માગશર સુદી ૧૧ ના દિવસે આરાધાય છે, તેમાં મૌન એકાદશીએ તીર્થંકર ભગવાનોનાં થયેલાં કલ્યાણકો તેમ જ વર્તમાન ચૌવીશીના તીર્થંકર ભગવાનોનાં કલ્યાણકોના સ્તવનો, ચૈત્યવંદનો વગેરે આપવામાં આવેલ છે. ચૌમાસીનાં દેવવંદનમાં ચૌવીશે તીર્થંકર ભગવાનોની તથા પ્રસિદ્ધ પ્રસિદ્ધ મહાન તીર્થોની સ્તવના અને આરાધના કરવામાં આવે છે. આ ઉપરનાં બધાં દેવવંદનો નિયત નિયત પર્વ દિવસે ધર્મ-ભાવના ભાવિત ભક્તવર્ગ અવશ્યમેવ આરાધે છે.

પરંતુ આ ચૈત્રી પૂનમના દેવવંદનની આરાધના તો પરમપાવન શાશ્વત પર્વ ચૈત્રી અટ્ઠાઈના અંતિમ દિવસે આરાધાય છે, નવપદપર્વારાધન અતિ મહાન્ પ્રભાવશાળી છે અને દિવસે દિવસે તેની આરાધના બલવત્તર રીતે ખૂબ જ શાસન પ્રભાવના પૂર્વક આરાધાય છે. આ ચૈત્ર માસના નવપદ આરાધનના પર્વનો અંતિમ દિવસ તે સર્વમાં સર્વશ્રેષ્ઠ છે ને તિ દિવસે ચૈત્રી પૂનમ દેવવંદન આરાધાય છે. આ દેવવંદન સામાન્ય રીતે કોઈ વિશિષ્ટ

---

૧. બાર પર્ષદે ૨. નષ્ટ કરવા ૩. ભવભ્રમણ ૪. વશીકરણ
૫. રણ ૬. બંદર.

શક્તિસંપન્ન કરાવે ત્યારે થાય છે કારણ કે આનો મહિમા મંગલકારી સાથે વિઘ્નના નાશરૂપ છે અને તેની પાછળ શક્તિ મુજબ અર્થવ્યય પણ હોય છે.

ઉપરાંત આ ચૈત્રી દેવવંદનમાં સંતિકરં, નમિઉણ, જયતિહુઅણ, ભક્તામર અને ચૈત્યવંદનભાષ્ય એ પાંચ મહાચમત્કારિક સ્તોત્રોની પણ આરાધના કરવામાં આવે છે. સંતિકરં સ્તોત્રમાં શાંતિનાથની સ્તુતિ દ્વારા શાસનદેવ અને શાસનદેવીઓની આરાધના અને તે દ્વારા શાંતિની પ્રાર્થના છે. નમિઊણસ્તોત્ર. આનું બીજું નામ મહાભયનો નાશ કરનાર સ્તોત્ર છે. આમાં પાર્શ્વનાથની સ્તુતિ દ્વારા અષ્ટ ભયનો નાશ અને વિઘ્નનો નાશ થાય છે. આ સ્તોત્ર પણ ચમત્કારિક સ્તોત્ર છે, જયતુહુઅણ. આ સ્તોત્ર અપભ્રંશ ભાષામાં રચાયેલા પાર્શ્વનાથનું ચમત્કારિક સ્તોત્ર છે. આ સ્તોત્ર દ્વારા અનેક ઉપદ્રવના નાશ સાથે લબ્ધિ-પ્રાપ્તિ સમાયેલ છે, માનતુંગસૂરિકૃત ભક્તામરસ્તોત્ર પણ પ્રભુના ગુણગાનમાં તલ્લીન બનાવનાર ભાવવાહી સ્તોત્ર છે. આ ઉપરાંત ચૈત્યવંદન ભાષ્ય દ્વારા ચૈત્યની મર્યાદા, પ્રભુનાં દર્શન, દેવવંદનનો ફલિતાર્થ વિગેરે જણાવ્યું છે. આથી આ દેવવંદનમાં સ્તવનો, ચૈત્યવંદનો ઉપરાંત આ પાંચ વસ્તુ મૂકી શાંતિકારક અને ફલદાયક એ બે ઇષ્ટ સિદ્ધિરૂપ આ દેવવંદન ખૂબ જ આરાધનીય છે.

॥ અથ ચૈત્યવંદન ભાષ્ય પ્રારભ્યતે ॥

વંદિત્તુ વંદણિજ્જે ; સવ્વે ચિઇવંદણાઇ સુવિ-ચારં ॥
બહુ વિત્તિભાસચુણ્ણી-સુયાણુસારેણ વુચ્છા-મિ ॥૧॥
દહતિગ અહિગમપણગં, દુદિસિ તિહુગ્ગહ તિહાઉવંદણયા ॥
પણિવાય નમુક્કારા, વણ્ણા સોલ સયસીયાલા ॥ ૨ ॥
ઈગસિઇસયં તુ પયા, સગનઉઇ સંપયા ઉ પણ દંડા ॥
બાર અહિગાર ચઉવં-દણિ-જ્જ સરણિજ્જ ચઉહ જિણા ॥ ૩ ॥
ચઉરો થુઈ નિમિત્તટ્ઠ-બારહ હેઉ અ સોલ આગારા ॥
ગુણવીસ દોસ ઉસ્સગ્ગ, માણ થુત્તં ચ સગ વેલા ॥૪॥
દસ આસાયણચાઓ, સવ્વે ચિઇવંદણાઇ ઠાણાઇં ॥
ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉ સયરા ॥૫॥
તિન્નિ નિસીહી તિન્નિઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા ॥
તિવિહા પૂયા ય તહા, અવત્થ તિય ભાવણ ચેવ ॥૬॥
તિદિસિ નિરિક્ખણ વિરઇ, પયભૂમિ પમ જ્જણં ચ તિક્ખુત્તો ॥
વન્નાઇતિયં મુદ્દા-તિયં ચ તિવિહં ચ પણિહાણં ॥૭॥
ઘર જિણહર જિણપૂઆ,વાવારચ્ચાયઓ નિસીહિતિગં ॥
અગ્ગદ્દારે મજ્ઝે, તઇયા ચિઇવંદણાસમએ ॥૮॥
અંજલિબદ્ધો, અદ્ધો, ણ અ પંચંગઓ અ તિપણામા ॥
સવ્વત્થ વા તિવારં, સિરાઇનમણે પણામતિયં ॥૯॥
અંગગ્ગ ભાવ ભેયા, પુપ્ફાહાર થુઇહિં પૂયતિગં ॥
પંચુવયારા અટ્ઠો, વયાર સવ્વોવયારા વા ॥૧૦॥
ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવરહિઅત્તં ॥
છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો ॥૧૧॥
ન્હવણચ્ચગેહિં છઉમત્થ, વત્થપડિહારગેહિં કેવલિયં ॥
પલિયં કુ-સ્સગ્ગેહિય, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ॥૧૨॥

ઉઢ્ઢા- હો તિરિઆણં, તિદિસાણ નિરિક્ખણં ચઇજ્જહવા ॥
પચ્છિમ દાહિણ વામાણ; જિણમુહન્નત્થ દિટ્ઠિ જુઓ ॥૧૩॥
વન્નતિયં વન્નત્થાલંબણમાલંબણં તુ પડિમાઇ ॥
જોગ જિણ મુત્તસુત્તી, મુદ્દાભેએણ મુદ્દતિયં ॥૧૪॥
અન્નુન્નં તરિ અંગુલિ-કોસાગારેહિં દોહિં હત્થેહિં ॥
પિટ્ટોવરિકુપ્પરિસં ઠિએહિં તહ જોગ-મુદ્દત્તિ ॥૧૫॥
ચત્તારિ અંગુલાઇં, પુરઓ ઉણાઇ જત્થ પ-ચ્છિમઓ ॥
પાયાણં ઉસ્સગ્ગો, એસા પુણ હોઇ જિણમુદ્દા ॥૧૬॥
મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા ॥
તે પુણ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગત્તિ ॥૧૭॥
પંચંગો પણિવાઓ, થયપાઢો હોઇ જોગમુદ્દાએ ॥
વંદણ જિણમુદ્દાએ, પણિહાણં મુત્તસુત્તીએ ॥૧૮॥
પણિહાણતિગં ચેઇઅ-મુણિવં-દણ પત્થણા સરૂવં વા ॥
મણવયકાએગત્તં સેસતિ- ગત્થો ય પયડુત્તિ ॥૧૯॥
સચ્ચિત્તદવ્વ મુજ્ઝણમ-ચિત્તમણુજ્ઝણં મણેગત્તં ॥
ઇગસાડિ ઉતરાસંગુ,અંજલિ સિરસિ જિણદિટ્ઠે ॥ ૨૦ ॥
ઇય પંચવિહા-ભિગમો, અહવા મુચ્ચંતિ રાય ચિન્હાઇં ॥
ખગ્ગં છત્તો-વાણહ, મઉડં ચમરે અ પંચમએ ॥ ૨૧ ॥
વદંતિ જિણે દાહિણ,-દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી ॥
નવકર જહન્નુ સટ્ઠિ કર; જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો ॥૨૨॥
નમુક્કારેણ જહન્ના, ચિઇવંદણ મજ્ઝ દંડથુઈ જુઅલા ॥
પણદંડ થુઈ ચઉક્કગ, થયપણિ-હાણેહિં ઉક્કોસા ॥૨૩॥
અન્ને બિંતિગેણ, સક્ક-ત્થએણં જહન્ન વંદણયા ॥
તદ્દુગતિગેણ મજ્ઝા-ઉક્કોસા ચઉહિં પંચહિં વા ॥૨૪॥

પણિવાઓ પંચંગો, દો જાણુકરદુગુત્તમગં ચ ॥
સુમહત્થ નમુક્કારા, ઇગ દુગ તિગ જાવ અટ્ઠસયં ॥૨૫॥
અડ-સટ્ઠિ અટ્ઠવીસા, નવ નઉય સયં ચ દુસયસગનઉઆ ॥
દોગુણતીસ દુસટ્ઠા, દુસોલ અડનઉઅસય દુવન્ન-સયં ॥૨૬॥
ઇઅ નવકાર ખમાસમણ, ઇરિય સક્ક-ત્થઆઈ દંડેસુ ॥
પણિહાણેસુ અદુરૂ-ત્ત, વન્નસોલસય સીયાલા ॥૨૭॥
નવ બત્તીસ તિત્તીસા, તિચત્ત અડવીસ સોલ વીસ પયા ॥
મંગલ ઇરિયા સક્કત્થ-યાઇસુ ઇગસીઇસયં ॥૨૮॥
અટ્ઠટ્ઠ નવટ્ઠય અટ્ઠાવીસા, સોલસ ય વીસ વિસામા ॥
કમસો મંગલ ઇરિયા, સક્કત્થયાઇસુ સગનઉઈ ॥૨૯॥
વન્નટ્ઠસટ્ઠિ નવ પય, નવકારે અટ્ઠ સંપયા તત્થ ॥
સગ સંપય પય તુલ્લા, સત્તરક્ખર અટ્ઠમી દુપયા ॥૩૦॥
પણિવાય અક્ખરાઇ, અટ્ઠાવીસં તહ યે ઇરિયાએ ॥
નવનઉય-મક્ખરસયં, દુતિસપયસંપયા અટ્ઠ ॥૩૧॥
દુગ દુગ ઇગ ચઉ ઇગ પણ, ઇગાર છગ ઇરિય સંપયાઇ પયા ॥
ઇચ્છા ઇરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિતસ્સ ॥૩૨॥
અબ્ભુવગમો નિમિત્ત, ઓહેયર હેઉ સંગહે પંચ ॥
જીવવિરાહણ પડિક્કમણ-ભેયઓ તિન્ન ચુલાએ ॥૩૩॥
દુતિ ચઉ પણ પણ દુ ચઉ, તિપય સક્કત્થય સંપયાઈપયા ॥
નમુ આઈગ પુરિ- સો લોગુ, અભય ધમ્મપ્પ જિણ સવ્વં ॥૩૪॥
થોઅવ્વ સંપયા ઓહ, ઇયરહેઉ-વઓગતદ્ધેઊસવિ
સેસુવઓગ સરૂવહેઉ, નિયસમફલય મુક્ખે ॥૩૫॥
દોસગ નઉઆ વણ્ણા, નવસંપય પય તિત્તીસ સક્ક-ત્થએ ॥

ચેઇયથયટ્ઠ સંપય, તિચત્તપય વણ્ણ દુસ-યગુણતીસા ॥૩૬॥
દુ છ સગ નવ તિય છ ચ્ચઉ,છપ્પય ચિઇસંપયા પયા પઢમા ॥
અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ ॥૩૭॥
અબ્ભુગમો નિમિત્તં, હેઉ ઇગ બહુવયંત આગારા ॥
આગંતુગ આગારા, ઉસ્સગ્ગાવહિ સરૂવટ્ઠ ॥૩૮॥
નામથયાઇસુ સંપય, પય સમ અડવીસસોલ વીસ કમા ॥
અદુ-રૂત્ત વન્ન દોસટ્ઠ, દુસયસોલટ્ઠનઉઆ સયં ॥૩૯ ॥
પ-ણિહાણિ દુવન્નસયં, કમેણ સગતિ ચઉવીસ તિત્તીસા ॥ ગુણતીસ
અટ્ઠવીસા; ચઉતીસિગતીસ બાર ગુરુવ-ણ્ણા ॥૪૦॥
પણ દંડા સક્કત્થય, ચેઇઅ નામ સુઅસિદ્ધત્થય ઇત્થ ॥
દો ઇગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ ॥૪૧॥
નમુ જેઅ અ અરિહં, લોગ સવ્વ પુક્ખ તમ સિદ્ધ જો દેવા ॥
ઉજ્જિંજ ચત્તા વેયાવચ્ચેગ, અહિગાર પઢમપયા ॥૪૨॥
પઢમઅ-હિગારે વંદે, ભાવજિણે બીયઅંમિ દવ્વજિણે ॥
ઇગચેઇય ઠવણજિણે, તઇય ચઉત્થંમિ નામજિણે ॥૪૩॥
તિહુઅણ ઠવણજિણે પુણ, પંચમએ વિહર-માણ જિણ છટ્ઠે ॥
સત્તમએ સુયનાણં, અટ્ઠમએસવ્વસિદ્ધથુઈ ॥૪૪॥
તિત્થાહિવ વીર થુઈ, નવમે દસમેય ઉજ્જયંતથુઈ ॥
અટ્ઠાવયાઇ ઇગદિસિ, સુદિ-ટ્ઠિ સુરસમરણા ચરિમે ॥૪૫॥
નવ અહિગારા ઇહ, લલિ-અવિત્થરા વિત્તિમાઇ અણુસારા ॥
તિન્નિ સુયપરં પરયા, બીઓ દશમો ઇગારસમો ॥૪૬॥
આવસ્સયચુણ્ણીએ; જં ભણિયં સેસયા જહિચ્છાએ ॥
તેણં ઉજ્જિંજતાઇ વિ, અહિગારા સુયમયા ચેવ ॥૪૭॥

બીઓ સુઅત્થયાઇ, અત્થઓ વજ્ઞિઓ તહિ ચેવ ॥
સક્કત્થયં તે પઢિઓ, દવ્વારિહવસરિ પયડત્થો ॥૪૮॥
અસઢાઈન્નણવજ્જં, ગીઅત્થ અવારિયંતિ મજ્ઝત્થા ॥
આયરણાવિહુઆણ-ત્તિ, વયણઓ સુબહુ મન્નંતિ ॥૪૯॥
ચઉવંદણિજ્જ જિણ મુણિ, સુય-સિદ્ધા ઇહ સુરા ય સરણિજ્જા ॥
ચઉહ જિણા નામ ઠવણ, દવ્વ ભાવજિણ ભેએણ ॥૫૦॥
નામજિણા જિણનામા, ઠવણજિણા પુણ જિણિંદ પડિમાઓ ॥
દવ્વજિણા જિણ જીવા, ભાવજિણા સમવસરણત્થા ॥૫૧॥
અહિગયજિણ પઢમ થુઈ, બીયા સવ્વાણ તઇઅ નાણસ્સ ॥
વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થથુઇ ॥૫૨॥
પાવખવણત્થ ઇરિયાઇ, વંદણવ-તિઆઈ છ નિમિત્ત ॥
પવયણ સુર સરણત્થં, ઉસ્સ- ગ્ગો ઇઅ નિમિત્તટ્ઠ ॥૫૩॥
ચઉ તસ્સ ઉત્તરિકરણ-પમુહ સદ્ધાઇયા ય પણ હેઊ ॥
વેયાવચ્ચગરત્તાઇં, તિન્નિ ઇઅ હેઊ બારસગં ॥૫૪ ॥
અન્નત્થયાઇ બારસ, આગારા એવમાઇયા ચઉરો ॥
અગણી પણિંદિ છીંદણ, બોહી ખોભાઇ ડક્કો ય ॥૫૫॥
ઘોડગ લય ખંભાઈ, માલુદ્ધિ નિઅલ સબરિ ખલિણ વહૂ ॥
લંબુત્તર થણ સંજઇ, ભમુહગુલિ વાયસ કવિટ્ઠા ॥૫૬॥
સિરકંપ મૂઅ વારુણિ, પેહત્તિ ચઈ-જ્જ દોસ ઉસ્સગ્ગે ॥
લંબુત્તરથણ સંજઇ, ન દોસ સમણીણ સવહુસડ્ઢીણં ॥૫૭॥
ઇરિઉસ્સગ્ગ પમાણં, પણવીસુસ્સાસ અટ્ઠ થુત્તં ॥૫૮॥
પડિક્કમણે ચેઇય જિમણ, ચરમ પડિક્કમણ સુઅણ પડિબોહે ॥
ચિઇ- વંદણ ઇઅ જઇણો, સત્તઉ વેલા અહોરત્તે ॥૫૯॥
પડિક્કમઓ ગિહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઇયર-સ્સ ॥

પૂઆસુ તિસંઝાસુઅ, હોઇ તિવેલા જહન્નેણં ||૬૦||
તંબોલ પાણ ભોયણ-વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવણં ||
મુત્તુચ્ચારં જુઅ, વજ્જે જિણનાહજ-ગઈ એ ||૬૧||
ઇરિનમુક્કાર નમુત્થુણ, અરિહંત થુઇ લોગ સવ્વ થુઇ પુક્ખ ||
થુઇ સિદ્ધા વેઆ થુઇ, નમુત્થુ જાવંતિ જય જયવી ||૬૨||
સવ્વોવાહિ વિસુદ્ધં, એવ જો વંદ એ સયા દેવે ||
દેવિદવિંદ મહિઅં, પરમપય પાવઇ લહુ સો ||૬૩||

ચૈત્યવંદન ભાષ્ય સમાપ્ત ||

## શ્રી શત્રુંજય તીર્થનું ચૈત્યવંદન (૧)

શ્રી શત્રુંજય ગિરિ વંદિયે, સકલ તીરથ જગસાર,
આતમ પાવન કારણે, એહિજ તીર્થ નિરધાર. ૧
શિવગિરિ સેવા શિવ વસ્યા, મહાત્મા અનંતાનંત,
એ તીરથની સ્પર્શના, અમ હોજો ભગવંત. ૨
તીર્થ નામ યથાર્થ છે, જેહથી ભવ તરાય,
વિષય કષાય મુળ ભવતણા, તીર્થ ભક્તિએ છેદાય. ૩
સ્થાવર જંગમ ભેદથી, દ્વિવિધ તીર્થ જણાય,
જિન ગણધરાદિ મુનિવરા, જંગમ તીર્થ કહેવાય. ૪
શત્રુંજય અષ્ટાપદ ગિરિ, આબુ અષ્ટાપદ સાર
રૈવતગિરિ આદિ સવી, સ્થાવર તીર્થ નિરધાર. ૫
ચિત્ત ચોખે સિદ્ધ સાધશું, તન્મય સ્વરૂપાધાર
એકજ વાર એમ સેવતાં, પામે ભવનો પાર. ૬

સેવના જોગ અસંખ્ય છે, પણ ભક્તિ અંગ બળવાન,
તે માટે રૂપ ઓળખી, શ્યામલ કરે ગુણગાન. ૭

## સિદ્ધાચલ ચૈત્યવંદન (૨)

વિમલ ગિરિવર સયલ અઘહર, ભવિક જન મન રંજણો,
નિજ રૂપ ધારી પાપ ટાળી, આદિ જિન મદ ભંજણો.
જગ જીવ તારે ભરમ ફારે, સયલ અરિદલ ગંજનો,
પુંડરિક ગિરિવર શૃંગ શોભે, આદિનાથ નિરંજનો. ૧
અજ અમર અચલ આનંદ રૂપી, જન્મ મરણ વિહંડણો,
સુર અસુર ગાવે ભક્તિ ભાવે, વિમલગિરિ જગમંડણો
પુંડરિક ગણધર રામપાંડવ, આદિ લે બહુ મુનિવરા,
જિહાં મુક્તિ રામા વર્યા રંગે, કર્મ સંકટ સહુ જરા. ૨.
કોઈ તીર્થ જગમાં અન્ય નાહિ, વિમલગિરિ સમ તારકં,
દુર ભવિયા જે અભવિયા, સદા દૃષ્ટિ નિવારકં,
ઈહ આશ ધારી શરણધારી, આતમા હિતકારકં. ૩

## શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન (૩)

સોના રૂપાને ફુલડે, સિદ્ધાચલ વધાવું
ધ્યાન ધરી દાદા તણું, આનંદ મનમાં લાવું. ૧
પૂજા કરી પાવન થયો, અમ નિર્મલ દેહ
રચના રચું શુભ ભાવથી, કરવા કર્મનો છેહ. ૨
અભવિને દાદા વેગળા, ભવિને હૈડા હજુર
તન-મન-ધન એક લગ્નથી, કીધા કર્મ ચકચૂર. ૩
કાંકરે કાંકરે સિદ્ધ થયા, સિદ્ધ અનંતનું ધામ,
શાશ્વત ગિરિવર પૂજતા, જીવ પામે વિશ્રામ. ૪

દાદા દાદા હું કરૂં દાદા વસીયા દૂર
દ્રવ્યથી દાદા વેગળા, ભાવથી હૈડા હજુર. ૫
દૂષમકાળે પૂજતાએ, ઈંદ્ર ધરે બહુ પ્યાર
તે પ્રતિમાને વંદના, શ્વાસ માંહે સોવાર ૬
રાયણ પગલે પૂજતા, રત્ન પ્રતિમા ઈંદ્ર,
જ્યોતિ શું જ્યોતિ મીલે, પૂજો ભવિ સુખકંદ. ૭
રિદ્ધિ સિદ્ધિ ઘર સંપજેએ, પહોંચે મનની આશ
ઉદયરત્ન કહે સાંભળો, ભવિ થઇ એકરાશ. ૮

## શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન (૪)

આદીશ્વર જિનરાયનો ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જાસ, મહી માંહે મહંત. (૧)
પંચ કોડી મુનિરાજ સાથ, અણસણ તિહાં કીધ;
શુક્લ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવળવર લીધ. (૨)
ચૈત્રી પુનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામદાન સુખકંદ. (૩)

## શ્રી શત્રુંજય ચૈત્યવંદન (૫)

જય જય ઋષભ જિનેશ્વરૂ, શત્રુંજય શણગાર,
નયણે નિરખ્યો તુણ ભણી, લેખે મુજ અવતાર. ૧
નાભિરાયા કુલ ચંદ્રમા મરૂદેવીનો નંદ
મુખ ટીકો જોવતા પ્રભુ, મુજ મન અતિ આનંદ. ૨
ઋષભ લંછન વિનીતા ધણી, ત્રિભુવન કેરો તાત
દરિશન દીઠે દુઃખ હરે, ભવ ભવ પાતિક જાત. ૩

આજ થકી મળીયો હવે, માથે ધણી આધાર
હવે પ્રભુ કુણ ગુંજશે, તુમ ગુણ અપરંપાર. ૪
પરમ જ્યોતિ પરમાત્મા, પરમ પુરૂષ પ્રધાન,
ચિદાનંદ ઘન શિવ વિભો, ઈમ અનેક અભિધાન. ૫
મુજ મન લાગી આશડી, દેખણ તુમ દેદાર,
હું અપરાધી છું ઘણો, તુંહિજ મુજ તાર. ૬
એહ વિનંતી માહરી, અવધારો મહારાજ,
ત્રિભુવન તિલક તું મળ્યો, ગિરૂવો ગરીબ નિવાજ. ૭
પુદ્‌ગલ પરાવર્તન કરી, જન્મ મરણ જંજાળ,
તુમ દરિશન પામ્યા વિના, ભમ્યો અનંતો કાળ. ૮
તે માટે હવે દિજીયે, સેવકને ધરી પ્રેમ,
અવ્યાબાધ સુખ શાશ્વતુ, ક્ષેમવર્ધન કહે એમ. ૯

## શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન (૬)

કલ્પ વૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
સોવન હિંડોલે હિંચતો, માતાને મનગમતો. ...(૧)
સો દેવી બાલક થયા; રૂષભજી કેડે;
વહાલા લાગો છો પ્રભુ, હૈડા શું ભીડે. ...(૨)
જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઈન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો સામાન. ...(૩)
ચોરી બાંધી ચિહું દિશિ, સુર ગોરી ગાવે;
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ...(૪)
ભરતે બિંબ ભરાવીયા, થાપ્યા શત્રુંજય ગિરિરાય;
શ્રી વિજયપ્રભુસૂરિ મહિમા ઘણો, ઉદયરત્ન ગુણ ગાય. ..(૫)

## શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન (૭)

શ્રી સિદ્ધાચલ તીર્થનાયક, વિશ્વતારક જાણીયે,
અકલંક શક્તિ અનંત સુરગિરિ, વિશ્વાનંદ વખાણીયે;
મેરૂ મહીધર હસ્તગિરિવર, ચર્ચગિરિધર ચિહ્ન એ,
શ્વાસમાં સો વાર વંદું, નમો ગિરિ ગુણવંત એ. (૧)
હસિત વદને હેમગિરિને, પૂજીએ પાવન થઈ,
પુંડરીક પર્વતરાજ શતકૂટ, નમત અંગ આવે નહીં;
પ્રીતિમંડણ કર્મ છંડણ, શાશ્વતો સુરકંદ એ. શ્વાસમાં. (૨)
આનંદ ઘર પુન્યકંદ સુંદર, મુક્તિરાજે મન ઠસ્યો,
વિજયભદ્ર સુભદ્ર નામે, અચલ દેખત દિલ વસ્યો;
તાલ-મુલને ઢંક પર્વત, પુષ્પદંત જયવંત હે. શ્વાસમાં. (૩)
બાહુબલ મરૂદેવી ભગીરથ, સિદ્ધક્ષેત્ર કંચનગિરિ,
લોહિતાક્ષ કુલિનીવાસમાં જસ, રૈવતાચલ મહાગિરિ;
શેત્રુંજામણિ પુન્યરાશિ, કુંવરકેતુ કહત હે. શ્વાસમાં. (૪)
ગુણકંદ કામુદ દઢશક્તિ, સહજાનંદ સેવા કરે,
જય જગત તારણ જ્યોતિરૂપ, માલવંતને મનોહરે;
ઈત્યાદિક બહુ કીર્તિ માણેક,
કરત સુર સુખ અનંત હે. શ્વાસમાં (૫)

## શ્રી સિદ્ધાચલજીનું ૨૧ નામનું ચૈત્યવંદન (૮)

નમો આદિદેવં, નમો આદિદેવં,
કરે સુર અસુર ભક્તિથી જાસ સેવં,
ચિદાનંદ સંદોહ નીલા નિધામં,
નમો વિમલગિરિ તીર્થનાથં પ્રધાનં..... (૧)

નમો સિદ્ધક્ષેત્રં નમો પુંડરિકં,
નમો હિમાચલ સિદ્ધગિરિ ભક્તિ છેકં,
નમો પુણ્યરાશિ નમોપર્વતેંદ્રં,
શેત્રુંજય દેવ સયલ નતેન્દ્રં..... (૨)
નમો મુક્તિ ગેહં સુભદ્ર નગેન્દ્રં,
દૃઢ શક્તિ મહાતીર્થ કરે કર્મ વૃન્દં,
નમો પુષ્પદંતં મહા પદ્મનાભં,
ધરા પીઠ કૈલાસ નમો મુક્તિ ધામં..... (૩)
પાતાલ મૂલ નમો શાશ્વતં ચ,
નમો સર્વ કામિત પ્રદં મુક્તિદં ચ,
નમો સર્વ તીર્થાવતારં સુતારં,
નમો મુક્તિ શ્રીમંત નિર્વાણ હારં..... (૪)
જીકો ઉઠી પ્રભાત જિન નામ જંપે,
ગિરિરાજ નામે સયલ પાપ કંપે,
ગિરિરાજ ઉત્તમ પદ પદ્મ ધ્યાવે,
ચિદાનંદ નિજરૂપ તે શુદ્ધ પાવેં..... (૫)

## શ્રી શત્રુંજય તીર્થના ઉત્તમ ૨૧ નામ ગર્ભિત ચૈત્યવંદન (૯)

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ;
મન, વચ, કાય એકાગ્રશું, નામ જપો એકવીશ. (૧)
શત્રુંજયગિરિ વંદીએ, બાહુબલી ગુણ ધામ;
મરૂદેવ પુંડરીકગિરિ, રૈવતગિરિ વિશરામ. (૨)
વિમલાચલ સિદ્ધરાજજી, નામ ભગીરથ સાર;
સિદ્ધક્ષેત્ર ને સહસ્રકમલ, મુક્તિનિલય જયકાર. (૩)

સિદ્ધાચલ શતકુટગિરિ, ઢંકને કોડી નિવાસ;
કદંબગિરિ લોહિત્ય નમો, તાલધ્વજ પુણ્યરાશ. (૪)
મહાબલ ને દૃઢશક્તિસહી, એમ એકવીશ નામ;
સાતે શુદ્ધિસમાચરી, કરીએ નિત્ય પ્રમાણ. (૫)
દગ્ધ શૂન્યને, અવિધિ દોષ, અતિપ્રવૃત્તિ જેહ,
ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણ ગેહ. (૬)
મનુષ્ય જન્મ પામી કરીએ, સદ્‌ગુરૂ તીરથ યોગ;
શ્રી શુભવીરને શાસને, શિવ-રમણી સંયોગ. (૭)

## શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન (૧૦)

શ્રી તરણ તારણ, કુગતિ વારણ, સુગતિ કારણ જગગુરૂ;
ભવ ભ્રમણ કરતાં, મનુષ્યના, વાંછિત કરવા સુરતરૂ. (૧)
સંસાર તાપથી તપ્ત જંતું, જાતને છાયા કરૂ,
છત્રાકૃતિં સિદ્ધાચલે; ઋષભેશ કલશ મનોહરૂ (૨)
શ્રી ઋષભદેવ પ્રપૌત્ર, દ્રાવિડ વારિ ખિલ્લ સહોદરા,
આદિનાથ ભક્ત સુવલ્ગુ તાપસ, બોધથી તાપસ વર્યા. (૩)
ચારણ મુનિવર સાથ સર્વે, તીર્થ કરવા સંચર્યા,
પ્રતિબોધથી મુનિરાજના, સર્વે મુનીશપણું વર્યા. (૪)
પૂર્ણ પૂન્ય પુંજસમ, પુંડરિક ગિરિ નિરખતા નયણે ઠરી,
ઉલ્લાસ પામિ દોષ વામી, હર્ષથી હૃદયે ધરી. (૫)
વંદન કરીને આવીયા, ગિરિરાજ ઉપર પદચરી,
રાયણને આદિનાથ ચરણે, પ્રેમે પ્રદક્ષિણા ફરી. (૬)
પુંડરિક ગણધર સાથ, આદિનાથને પાયે પડી,
ચારણ મુનિના કેણથી, લગાવી ધ્યાન તણી ઝડી. (૭)
દશક્રોડ મુનિવર સાથ, કાર્તિક પુનમે મુક્તિ જડી,
હંસાવતાર તીર્થ સ્થાપ્યું, હંસ દેવે તિણ ઘડી. (૮)

## શ્રી આદીશ્વર જિનનું ચૈત્યવંદન (૧૧)

ધુર સમરૂં શ્રી આદિદેવ, વિમલાચલ સોહીએ;
સુરતી મુરતી અતિસફળ, ભવિયણના મન મોહિએ. (૧)
સુંદર રૂપ સોહામણો, જોતાં તૃપ્તિ ન હોય;
ગુણ અનંત જિનવરતણા, કહી શકે નવ કોય. (૨)
વીતરાંગ દર્શન વિના, ભવસાગરમાં રૂલીઓ;
કુગુરૂ કુદેવે ભોળવ્યો, ગાઢો જલ ભરીયો. (૩)
પૂર્વ પૂણ્ય પસાઉલે, વીતરાગ મેં આજે;
દર્શન દીઠું તાહરો, તારણ તરણ જહાજ. (૪)
સુરઘટને સુરવેલડી, આંગણે મુજ આઈ;
કલ્પવૃક્ષ ફળીઓ વળી, નવનીધિ મેં પાઈ. (૫)
તુજ નામે સંકટ ટળે, નાસે વિષમ વિકાર;
તુજ નામે સુખ સંપદા, તુજ નામે જયકાર. (૬)
આજ સફળ દિન માહરો એ, સફળ થઈ મુજ જાત્ર;
પ્રથમ તીર્થંકર ભેટીયા, નિર્મળ કીધાં ગાત્ર. (૭)
સુરનર કિંનર કિન્નરી, વિદ્યાધરની કોડ;
મુક્તિ પહોંચ્યાં કેવળી, વંદુ બે કર જોડ. (૮)
શત્રુંજય ગિરિ મંડણોએ, મરૂદેવા માત મલ્હાર;
સિદ્ધિ વિજય સેવક કહે, તુમ તરીઆ મુજ તાર. (૯)

## શ્રી સિદ્ધગિરિ-ચૈત્યવંદન (અષ્ટક) (૧૨)

વિમલ કેવળજ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં,
સુરરાજ સંસ્તુત ચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં. (૧)

વિમલગિરિવર શ્રૃંગ મંડન, પ્રવરગુણગણ ભૂધરં,
સુર-અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં. (૨)
કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં,
નિર્જરાવલી નમે અહર્નિશ, નમો આદિ જિનેશ્વરં. (૩)
પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધિ, કોડી પણ મુનિ મનહરં,
શ્રી વિમલગિરિવર શ્રૃંગ સિદ્ધા, નમો આદિ જિનેશ્વરં. (૪)
નિજ સાધ્ય સાધક સુર-મુનિવર, કોડિનંત એ ગિરિવરં,
મુક્તિરમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં. (૫)
પાતાલ નર સુરલોક માંહી, વિમલગિરિવરતો પરં,
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં. (૬)
ઈમ વિમલગિરિવર શિખર મંડન, દુઃખ વિહંડણ ધ્યાઈએ,
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થ, પરમ જ્યોતિ નિપાઈએ (૭)
જિનમોહ કોઈ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિતિ જયકર;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુવિહિતકરં. (૮)

## શ્રી શત્રુંજય તીર્થનું ચૈત્યવંદન (૧૩)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. (૧)
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય;
પૂર્વ નવાણું રૂષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. (૨)
સુરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ. (૩)

# શ્રી ચૈત્રીપુનમની થોય

શ્રી વિમલાચલ સુંદર જાણું ઋષભ આવ્યા
જીહાં પૂર્વ નવ્વાણું , તીર્થ ભૂમીકા પીછાણું.
તે તો શાશ્વત પ્રાયે ગિરિંદ, પૂર્વ સંચીત પ્રાયે નિકંદ,
ટાળો ભવભય ફંદ પૂર્વ દિશામાં અતિ ઉદાર,
બેઠા સોહે નાભી મલ્હાર સન્મુખ પુંડરીક સાર,
ચૈત્રીપુનમ દિન જે અજવાળી,
ભવિ આરાધો મિથ્યાત્વ ટાળી જીમ લહો શિવવધુ નારી. ૧

આબુ અષ્ટાપદને ગીરનાર સમેતશિખર ને વળી વૈભાર,
પુંડરીક ચૈત્ર જુહાર. શ્રીજીન અજીત તારંગે વરીજે,
શ્રી વરકાણો બંભણવાડે તોડે કર્મની જોડે,
નારંગો શંખેશ્વર પાસ, શ્રી ગોડીજી પુરે આશ,
પોસીના જીન સુવિશાલ ચૈત્રી પુનમ દિન સુંદર જાણી,
એ સવિ પૂજો ભવ્ય પ્રાણી જીમ થાવો કેવલનાણી. ૨

ભરત આગળ શ્રી ઋષભજી બોલે,
નહીં કોઈ ચૈત્રી પુનમ દિન તોલે એમ જીન વચન જ બોલે,
ચૈત્રી પુનમ દિન એ ગિરિ અંત, છઠ્ઠ કરી જાત્રા સાત કરતં,
ત્રીજે ભવે મોક્ષ લહંત, ચૈત્રી પુનમ દિન એ ગિરિ સિદ્ધ,
પંચ-કોડી કેવળીથી સિદ્ધ પુંડરીક શિવપદ લીધ,
એમ જાણીને ભવિ આરાધો ચૈત્રી પુનમ દિન શુભ,
ચિત્ત સાધો મુક્તિના ખાતા બાંધો. ૩

પુંડરીક ગિરિની શાસનદેવી મરૂદેવીનંદન ચરણ પુજેવી,
ચક્રેશ્વરી તું દેવી ચઉવિહ સંઘને મંગળ કરજો,

તુજ સેવક પર લક્ષ્મી જ વરજો, સયલ વિઘ્ન સંહરજો.
અપ્રતિચક્ર તું મોરી માત, તું જાણે મોરી ચિત્તની વાત
પુરજે મનની વાત. પંડિત અમર કેસર સુપસાય,
ચૈત્રી પુનમ દિન મહિમા લહાય, લબ્ધિવિજય ગુણ ગાય. ૪

(૮)

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરુ ઉદાર,
ઠાકુર રામ અપાર, મંત્રાર માંહે નવકાર જ જાણું,
તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધરજલમાં જાણું
પંખી માંહે જેમ ઉત્તમ હંસ, કુલ માંહે જેમ ઋષભનો વંશ,
નાભિ તણો એ અંશ, ક્ષમાવંતામાં શ્રી અરિહંત,
તપશુરામાં મુનિવર મહંત, શત્રુંજય ગિરિ ગુણવંત....૧

ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પુનમચંદા,
પદ્મપ્રભ સુખ કંદા, શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ,
શીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ, વાસુપૂજ્ય મતિ શુદ્ધિ,
વિમલ અનંત ધર્મજિન શાંતિ, કુંથુ અરમલ્લિ નમું એ કાન્તિ,
મુનિસુવ્રત શુદ્ધ પાન્તિ, નમિ નેમિ પાસ વીર જગદીશ,
નેમ વિના એ જિન ત્રેવીશ, સિદ્ધગિરિ આવ્યા ઈશ...૨

ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજયગિરિ કુણ તોલે,
જિનનું વચન અમોલે, ઋષભ કહે સુણો ભરતજીરાય,
છ'રી પાલંતા જે નર જાય, પાતિક ભુક્કો થાય,
પશુ પંખી જે ઈણગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે,
અજરામર પદ પાવે, જિનમત મેં શેત્રુંજો વખાણ્યો,
તે મેં આગમ દિલ માહે આણ્યો, સુણતા સુખ ઉર ઠાણ્યો...૩

સંઘપતિ ભરત નરેસર આવે, સોવન તણા પ્રાસાદ કરાવે,
મણિમય મુરતિ ઠાવે, નાભિરાયા મરૂદેવી માતા,
બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યાતા, મૂર્તિ નવ્વાણું ભ્રાતા,
ગોમુખ જક્ષ ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત મેવી,
તપગચ્છ ઉપર હેવી, શ્રી વિજય સેનસૂરીશ્વર રાયા,
શ્રી વિજય દેવ ગુરુ પ્રણમી પાયા, ઋષભદાસ ગુણ ગાયા..૪

(૯)

સવિ મળી કરી આવો, ભાવના ભવ્ય ભાવો,
વિમલગિરિ વધાવો, મોતિયા થાળ લાવો,
જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો,
ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો ૧

શુભ કેસર ઘોલી, માંહે કપૂર ચોલી,
પહેરી સિત પટોલી, વાસીયે ગંધ ઘોલી,
ભરી પુષ્કર નોલી, ટાલીયે દુઃખ હોલી,
સવિ જિનવર ટોલી, પુજીયે ભાવ ભોલી ૨

શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર,
વલી મૂલસૂત્ર ચાર, નંદી અનુયોગ દ્વાર,
દશ પયન્ના ઉદાર, છેદ ષટ્ વૃત્તિ સાર,
પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિ સાર ૩

જય જય જય નંદા, જૈન દષ્ટિ સુરીંદા,
કરે પરમાનંદા, ટાલતા દુઃખ દંદા,
જ્ઞાનવિમલ સૂરીંદા, સૌમ્ય માકંદ કંદા,
વર વિમલ ગિરિંદા, ધ્યાનથી નિત્ય ભદા ૪

(૧૦)

આગે પૂરવ વાર નવ્વાણું આદિ જિનેશ્વર આયાજી,
શત્રુંજય લાભ અનંતો જાણી, વંદુ તેહના પાયાજી,
જગબંધવ જગતારણ એ ગિરિ, દીઠે દુર્ગતિ વારેજી,
યાત્રા કરતા છ'રી પાલે, કાજ પોતાના સારેજી ૧
શ્રી શત્રુંજય અષ્ટાપદ નંદીશ્વર, ઉજ્જવલ અર્બુદ આદેજી,
સયલ તીરથને સમેતશિખરગિરિ, સફલ જન્મ જે વાંદેજી,
અતીત અનાગત ને વર્તમાન, જિનવર હુઆ ને હોશેજી,
જે જિન તીરથ એણીપેરે વાંદે, તેહને શિવપદ થાશેજી ૨

સીમંધર જિન સુરપતિ આગે, શત્રુંજય મહિમા દાખ્યોજી,
વંદુ આગમ ગણધર ગુંથ્યું, જેણે એ તીરથ ભાખ્યોજી,
સિદ્ધ અનંતા ઈણગિરિ હુઆ, ધન આગમ એમ બોલેજી,
સકલ તીરથમાં રાજા કહીએ, નહીં કોઈ શત્રુંજય તોલેજી ૩

કવડજક્ષ ચક્કેસરી દેવી, શત્રુંજય સાનિધ્યકારી,
સકલ મનોરથ સંઘના પૂરે, વાંછિત સમકિત ધારીજી,
વિમલાચલ જગમાં જયવંતુ, સબલ શક્તિ તુમારીજી,
દેજો દેવા શત્રુંજય સેવા, કાર્ય સિદ્ધિ અમારીજી ૪

## ચૈત્રી પુનમ સ્તુતિ
(૧)

શ્રી શત્રુંજય ગિરિંદ મનોહર, ધન ધન ધન જન મોહેજી,
નાભિ નરેસર નંદન નિરૂપમ, મૂલનાયક જિહાં સોહેજી,
સન્મુખ મુરતિ પુંડરિકની, ભવિમન આનંદકારીજી,

ચૈત્રી પુનમ દિન બહુ મહિમા, પ્રણમું સુમતિ વિચારીજી ૧

અતીત અને વર્તમાન અનાગત, જે હુઆ ભગવંતજી,
સંપ્રતિ છે વળી હોંશે જે જિન, શિવકમલાના કંતજી,
એ ગિરિ કેરા મહિમા જાણી, સમોસર્યા અનંતાજી,
પ્રણમું ભરતક્ષેત્રે અનંતા, આવશે જે અરિહંતાજી ૨
જિનવર ભાખ્યો ગણધર ગૂંથ્યો, આગમ જલધિ અપારજી,
તે માંહિ એ તીરથ મહિમા, અનંત અર્થ વિસ્તારજી,
ચૈત્રી પુનમ દિને જે ભવિજન, યાત્રા કરે ઉદારજી,
ત્રીજે અથવા સાતમે ભવે, તે પામે ભવપારજી ૩

ગૌમુખ ને ચક્કેસરી દેવી, શ્રી સંઘ કરતી સંભાલજી,
ચઉવીશે જિન દેવને દેવી, એ ગિરિના રખવાલજી,
ચૈત્ર પૂનમ યાત્રાએ આવે, શત્રુંજયગિરિ નિભાલજી,
વિઘ્ન નિવારે કારજ સારે, રત્નવિમલ જયકારજી. ૪

(૨)

પ્રણમો ભવિયા રિસહ જિનેસર, શત્રુંજય કેરો રાયજી,
ઋષભ લંછન જસ, ચરણે સોહે, સોવનવરણી કાયજી,
ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાયજી,
ચૈત્રી પુનમને દિને જેહના, મ્હોટા મહોત્સવ થાયજી ૧

અષ્ટાપદ ગિરિ શિવપદ પામ્યા, શ્રી રિસહેસર સ્વામીજી,
ચંપાયે વાસુપૂજ્ય નરેસર, નંદન શિવગતિ ગામીજી,
વીર અપાપાપુર ગિરનારે, સિદ્ધા નેમિ જિણંદોજી,
વીશ સમેતગિરિ શિખરે પહોંતા, એમ ચોવીશે વંદોજી ૨

આગમ-નોઆગમ પરે જાણો, સવિ વિષનો કરે નાશોજી,
પાપ તાપ વિષ દૂર કરવા, નિશદિન જેહ ઉપાસોજી,
મમતા કંચુકી કીજે અલગી, નિર્વિષતા આદરી એજી,
ઈણીપરે સહજથકી ભવ તરીયે, જિમ શિવસુંદરી વરીયેજી ૩

કવડજક્ષ પ્રત્યક્ષ થઈને, જેહના પરચા પૂરેજી,
દોહગ દુર્જનનો ડર, સંકટ સઘળા ચૂરેજી,
દિન દિન દોલત દીપે અધિકી, જ્ઞાન વિમલ ગુણ નૂરજી,
જીત તણા નિશાન બજાવો, બોધિબીજ ભરપૂરજી ૪

(૩)

( રાગ : મનોહર મૂરતિ મહાવીરતણી )

પુંડરગિરિવર વર જાણઈ, ચૈત્રી દિન મહિમા વખાણીએ,
ઋષભદેવ તિહાં ધ્યાઈએ, પરમાણંદ પદવી પાઈએ ૧

સકલ તીર્થ નાયક નમું, જિમ હું ભવગ્રહને નવિ ભમું,
પુંડરિક ગણધર ભલા, ચૈત્રી દિને પૂજું નિર્મલા ૨

આગમે અધિકાર અનેક કહ્યા, તે માંહિ થકી ભાવ લહ્યા,
ચૈત્રીદિન પૂજા સમ તોલઈ, નવિ ઉપમા ઈમગણધર બોલઈ ૩

ગ્રહ ગણ વ્યંતર યક્ષાદિ સુરા, જિનશાસન ઉપર ભક્તિભરા,
ચૈત્રીદિને શ્રી શાન્તિકરા, ભણઈ રત્નવિમલ જય લચ્છિવરા ૪

## શ્રી સિધ્ધાચલજીના સ્તવન

આજ આપે ચાલો સૈયા, સિધ્ધાચલ ગિરિ જઈએ રે,
સિધ્ધાચલ ગિરિ જઈએ રે, બેની વિમળાચલ ગિરિ જઈએ રે
આજ. - ૧

સુણરે બેની એ ગિરિનો મહિમા, આદિ જીણંદજી ભાખે રે,
ભરતાદિક નરપતિની આગે, ઈન્દ્રાદિક સુર સાખે રે
આજ. - ૨
ઈણગિરિ સનમુખ પગલા ભરતા, આતમ શુધ્ધ સ્વભાવે રે,
કોટિ ભવના પાતક કીધા, એક પલકમાં જાવે રે
આજ. - ૩
ઈણગિરિ વસિયા કાળ અનંતા, સિધ્યા સાધુ અનંત રે,
જન્મ મરણના દુઃખડા છોડી, અમુલ અક્ષય પદ લીધા રે
આજ. - ૪
શાશ્વત તીરથ શ્રી શત્રુંજય, જોતા લાગે મીઠું રે,
ત્રણ ભુવનમાં ઈણગિરિ, તોલે, બીજું કાંઈ ન દીઠું રે
આજ. - ૫
નિરંજન શું નેહ ધરીને, કોડે ઓલગ કીધી રે,
અદ્‌ભુત આદિજીનેશ્વર નિરખી, પ્રેમ સુધારસ પીજે રે
આજ. - ૬
પુષ્પ સુગંધી લઈ પચરંગી, હાર સુગંધી ગુંથી રે,
પહેરાવી પ્રભુ કંઠે લહીયે, શિવ મારગની સિધ્ધિ રે
આજ. - ૭
ગૂહીર સ્વરે પ્રભુ ગુણ ગાતા, યાત્રા નવ્વાણુ કરીયે રે,
મન ગમતી ભમતી બીચે ભમતા, ભવ સાગરથી તરીયે રે
આજ. - ૮
પૂર્વ નવ્વાણુ  વાર પ્રથમ જિન, રાયણ રૂખે આવ્યા રે,
તે તીરથ શુભ ભાવે ફરસી, કરીયે નિર્મળ કાયા રે
આજ. - ૯

લાભ ઉદય એ ગિરિથી હોવે, કહે કેવળ જ્ઞાની રે,
શ્રી જીણંદ સદા હિત વત્સલ, પ્રેમ ઘણો ચિત્ત આણી રે
આજ. - ૧૦

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

નાભિનંદન પૂર્વ નવાણું શ્રી આદીશ્વર આવ્યા અજીત શાંતિ
ચોમાસુ રહિયા સુર-નરપતિ મન ભાવ્યા. ભવિ તુમે વંદો રે
સિદ્ધાચલ સુખકારી પાપ નિકંદો રે ગિરિ ગુણ મનમાં ધારી. ૧.
ચૈત્રી શુદિ પુનમને દિવસે ગુણ રયણાયર ભરીયા
પાંચ કોડીશું પુંડરીક ગણધર ભવસાગરને તરીયા... ભવિ... ૨.
પોતરા પ્રથમ પ્રભુજી કેરા દ્રાવિડ વારિષેણ
જાણો કાર્તિકશુદિ પુનમને દિવસે દશકોડી ગુણખાણી... ભવિ...૩.
કુંતા માતા સતી શિરોમણી યદુવંશી સુખકારી
પાંડવ વીશકોડીશું સિદ્ધા અશરીરી અણહારી... ભવિ ...૪.
ફાગણ શુદ દશમી દિન સેવો નમિ વિનમી બે કોડી
આતમગુણ નિર્મલ નિપજાવ્યા નાવે એહની જોડી... ભવિ... ૫.
ચૈત્ર વદિ ચૌદશ શીવ પામ્યા નમિ પુત્રી ચોસઠ
રત્નત્રયી સંપૂર્ણ સાધી પામી એ પરમઠ... ભવિ...૬.
ફાગણ સુદ તેરશ શીવ પામ્યા શાંબ પ્રદ્યુમ્ન ગુણખાણી
સાડી આઠ કોડીશું મુનીવર પરણી શિવ પટ્ટરાણી... ભવિ...૭.
રામ ભરત ત્રણ કોડી મુનીશું અચલ થયા અરિહંત છેલ્લા
નારદ લાખ એકાણું સમરો મન ધરી ખંત ... ભવિ...૮.
એક સહસ્સશું થાવચ્ચાસુત પંચસયા સેલગજી
એક હજારશું શુક્રપરિવ્રાજક પામ્યા પદ અવિચલજી...ભવિ...૯.

અતિત ચોવિશીના ચોવિશમા પ્રભુ થેહના ગણધર
વંદો કદંબ નામે એક કોડીશું સિદ્ધ થયાં સુખકંદો... ભવિ...૧૦.
એક હજાર ને આઠ સંગાતે બાહુબલી મુની મોટા,
ત્રણ કોડી જય-રામ ઋષીશ્વર સિદ્ધ થયા નહિં ખોટા...ભવિ ...૧૧.
અંધક વિષ્ણુ પીતા મા ધારિણી તેહ તણા દશપુત્ર ગૌતમઋષી
પ્રમુખ શીવ પામ્યા રાખ્યું ઘરનં સુત્ર... ભવિ...૧૨.
તળી તેહના આઠ પુત્ર વખાણો અસોમ આદિકુમાર સોળ
વર્ષ સંયમ આરાધી પામ્યા ભવનો પાર... ભવિ...૧૩.
આનદષ્ટીને દારૂગ મુનીદોય આત્મશક્તિ સમારી
ઋષભસેનાદિક તીર્થંકર-પણું ઈહાં વરીયા શીવનારી...ભવિ...૧૪.
ભરતવંશે રાજાદિ ઘણેરાં આતમ ધર્મને સાધ્યો શુકરાજન
શોકાગત સુણીયો મુક્તિનિલય ગુણ વાધ્યો... ભવિ...૧૫.
જાલી મયાલી ને ઉવયાલી દેવકી ષટ્સુતવારૂ સિદ્ધ થયાં
મંડુક મુની વળી નમતાં મન હોય ચારૂ... ભવિ...૧૬.
અતિત- કાલે સિદ્ધા અનંતા સિદ્ધસે વળી અનંતા
સંપ્રતિકાલે મોટું તીરથ ઈમ ભાંખે ભગવંતા ... ભવિ...૧૭.
ધન્ય એ તીરથ મોટો મહિમા પામી પાતક જાયે
ક્ષમાવિજય જશ તીર્થ ધ્યાને શુભ મન સિદ્ધિ થાયે... ભવિ...૧૮.

(૩)

ચાલો ચાલોને જઈએ સોરઠ દેશમાં રે, જીહાં પુંડરિકગિરિ પ્રખ્યાત
નમો નેહ ધરી ગિરિરાજને રે...
એ તરણ તારણ તીરથ જાણીએ રે, ગિરિ મહિમા અપરંપાર...
નમો નેહ. ૧

સાખી :- નમો અનંતા મુનિવરુ, ગિરિ વરિયા શિવનાર,
વળી અનંતા ઈહાં કને, પામશે ભવનો પાર,
નવ સંદેહ એહમાં આણશો રે, જેની શાસ્ત્રમાં છે સાખ...
નમો નેહ. ૨

સાખી :- અઢાર કોડાકોડી સાગરુ, નાભિરાયા કુલચંદ,
પ્રથમ ધર્મ ચલાવતા, મરૂદેવીનો નંદ, લાખ ત્યાસી પૂરવ
ઘરમાં રહ્યાં રે, પ્રભુજી દેતા વરસીદાન...
નમો નેહ. ૩

સાખી :- રાજ્ય ભરાવી ભરતને - લેવે સંયમભાર;
વરસીતપનું કર્યું પારણું, શ્રી શ્રેયાંસકુમાર,
લેવે શેરડી રસ, પ્રભુ સુઝતો રે, રૂડી અક્ષય ત્રીજનો હાર...
નમો નેહ. ૪

સાખી :- પ્રથમ જિનેશ્વર આવીયા, પૂર્વ નવ્વાણું વાર,
રાયણ હેઠે સમોસરી, કિધો ગિરિ વિસ્તાર સુણી
ભરત સંઘ લઈ આવતા રે, તીરથ ફરસીને કરતા ઉદ્ધાર...
નમો નેહ. ૫

સાખી :- ચૈત્ર સુદની પુનમે, પાંચ ક્રોડ મુનિ સાથ,
પુંડરિક ગણધરએ ગિરિ, ઝાલ્યો શિવવધુ હાથ, એવા
પુંડરિકગિરિ નામ સ્થાપિયે રે, ઈહાં તીર્થપતિ શ્રી આદિનાથ.
નમો નેહ. ૬

સાખી :- પ્રથમ પ્રભુજીનાં પૌત્ર દ્રાવિડને વારિખિલ્લ,
સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, કાર્તિક પુનમ દિન
પ્રભુ અજીત-શાંતિ દોય જણા રે, આવી ચાતુર્માસ તિહાં કિધ...
નમો નેહ. ૭

સાખી :- ફાગણ સુદની દશમીએ, નમિ વિનમિ બે જોડ,
અણસણ કરી શિવવધુ વર્યા, સાથે મુનિ બે ક્રોડ,
સિદ્ધ વર્યા વીસક્રોડ અણગારથી રે, જીરે પાંચે પાંડવ એ ગિરિરાજ
નમો નેહ. ૮

સાખી :- નમી પુત્રી ચોસઠ કહી, કરતી આતમકામ,
ચૈતર વદની ચૌદશે, પામી અવિચલ ધામ,
રામ-ભરત મુનિ ત્રણ ક્રોડશું રે, કર્મ કાપીને પામ્યા શિવરાજ.
નમો નેહ. ૯

સાખી :- ફાગણ ઉજલી તેરશે, શાંબ પ્રદ્યુમ્નકુમાર,
સાડી આઠ ક્રોડ મુનિવરા, શેત્રુંજે શિવપુર જાય,
છેલ્લા નારદ એકાણું લાખથી રે, ગિરિ ઉપર વરિયા શિવનાર...
નમો નેહ. ૧૦

સાખી :- ગઈ ચોવીશીનાં પ્રભુ, બીજા નિર્વાણ થાય,
કદમ્બ ગણધર ક્રોડશું, ભરતા મુક્તિસે બાથ,
તેને કદમ્બગિરિ નામે બોલાવતા રે, જેના નામથી નવનિધિ થાય...
નમો નેહ. ૧૧

સાખી :- એમ અસંખ્યા મુનિવરું, એ તીરથ મોઝાર,
સિધ્યા ને વળી સિદ્ધશે, મહિમા અપરંપાર,
ભાખે દાન દયા પંન્યાસનો રે, શિષ્ય સૌભાગ્ય વિમલ સુખકાર...
નમો નેહ. ૧૨

(૪)

મારું ડુંગરિયે મન મોહિ રહ્યું, મારું ગિરિવરિયે મન મોહિ રહ્યું
જગજીવન આદિ જિણંદ હો, માતા મરૂદેવાનાં લાડલાજી,
સાથી સુનંદા હિરલાનો હાર હો.... મારું (૧)

લાલન ચાલોને ચતુર ઉતાવળા, સુંદર સજવાડા જડાવ હો
લાલન લાહો લીજે રે લક્ષ્મી તણો, મને સિદ્ધાચલ ભેટાડ હો...મારું (૨)
લાલન સેંથો રે નિતરે ફુલે ભર્યો, સોના ચુડલાની નથી હવે ચાહ હો,
લાલન જોતો હવે હું વાટડી, મને વિમલાચલ ભેટાડ હો.... મારું (૩)
લાલન નવસેરો હાર હું શું કરૂં, હું શું કરું ચરમ ચીર હો,
લાલનશું કરું બાજુબંધ બેરખા, મારી કાંકણીયે નિર્મલ હીર હો.... મારું (૪)
લાલન પાંચ ક્રોડ પુંડરિક શું, એ તો સિધ્યા સાધુ અનંત હો,
લાલન દ્રાવિડ વારિષેણ બેહુ મલી, દશક્રોડ મુનિનો સાથ હો.. મારું(૫)
લાલન પાંચ પાંડવ વીશક્રોડ શું, એ તો પામ્યા પદ નિર્વાણ હો,
લાલન ઈણિપરે ઋષભ સમોસર્યા, એક નેમ વિના ત્રેવીશ હો.... મારું (૬)
લાલન ધન ધન દહાડો, ધન ઘડી, જિન નાભિ નરિંદ મલ્હાર હો,
લાલન અલબેલા આદીશ્વર ભેટશું, અર્ચીશું જગદાધાર હો....મારું (૭)
લાલન ઈક્ષુવંશના જિનવરા, ભરતાદિક અસંખ્ય હો, લાલન વળી
થાવચ્ચા સહસશું, ઋષભાદિક મુનિ સહસનો સાથ હો.... મારું (૮)
લાલન નમિ - વિનમિ વિદ્યા ધરા, બિંહું કોડી મુનિનો સાથ હો,
લાલન ઈણે ભરતે ભવ નિસ્તર્યા, એ તો પામ્યા શિવપુર રાજ હો....મારું (૯)
લાલન એકાણું લાખ તે મુનિવરા, ગયા નારદ સાથે સિદ્ધ હો,
લાલન રામ-ભરત ત્રણ ક્રોડ સાધુજી, એ તો પામ્યા અવિચલ રાજ હો... મારું (૧૦)
લાલન ઈણ ગિરિ જિનજી સમોસર્યા, એ તો પૂર્વ નવ્વાણું વાર હો,
લાલન સિધ્યા અને વળી સિદ્ધશે, તેનો કહેતા ન આવે પાર હો...મારું (૧૧)
લાલન સાડી આઠ ક્રોડ સાધુજી, એ તો પામ્યા શિવપુર રાજ હો,
લાલન શાંબ-પ્રદ્યુમ્ન દોય જણા, એ તો શિવપુર પ્રસસે જાય હો....મારું (૧૨)
લાલન જે ફરશે શ્રી સિદ્ધાચલે, તેનો જન્મ સફલ સવિ આશ હો,
લાલન ભાણવિજય કવિરાયનો, તિહાં શુભવિજય ગુણ ગાય હો..મારું (૧૩)

(૫)

( રાગ : શાંતી જિનેશ્વર સાહિબ વંદો )

સિદ્ધાચલ શુદ્ધ સુહાવો રે, અનંત અનંત કહાવો રે,
ભેદ પંદરથી શિવ જાવે રે, ગુણ અગુરુ લઘુ નિપજાવે રે.
વિમલાચલ વેગે વધારો રે, ગિરિરાજ તણા ગુણ ગાવો રે,
જો હોવે શિવપુર જાવે રે, ગિરિરાજ તણા ગુણ ગાવો રે.. ૧
જિતારી અભિગ્રહ લીધો રે, દિન સાતમે ભોજન કિધો રે
શુક રાજાએ રાજ્ય તે લીધુ રે, શત્રુંજય નામ તે દિધુ રે....
વિમલા.૨
દેવ-દાનવ ઈણગિરિ આવે રે, જિનરાજની પૂજા રચાવે રે,
શત્રુંજયમાં નાચ નચાવે રે, યોગાવંચક ફલ પાવે રે....
વિમલા.૩
વિદ્યાચારણ મુનિ વરિયા રે, મરકટ ફલ જલ સંચરિયા રે,
આકાશે પવનસે ચલિયા રે, દેખી હેમગિરિ હેઠા ઉતરિયા રે....
વિમલા.૪
પ્રભુ દેવી આનંદ પાવે રે, જિનરાજને શીષ નમાવે રે,
દેવ સાથે ભાવના ભાવે રે, પછી તે ઈચ્છિત સ્થાનક જાવે રે....
વિમલા.૫
જ્ઞાન-દરિસણ જેહથી લહિયે રે, શ્રાવકનાં ગુણ તે વહિયે રે,
સંસારને તીરે રહિયે રે, જિનશાસન તીરથ કહિયે રે....
વિમલા.૬
સહુ તીરથનો એ રાજા રે, સૂરજકુંડે જલ તાજા રે,
જ્ઞાતાજન આનંદ સાજા રે, હુઓ કુકડો તે ચંદરાજા રે....
વિમલા.૭

એ તીરથ ભેટણ કાજે રે, ગુજરાતનો સંઘ સમજજે રે,
પંથે પંથે વિસામો છાજે રે, ગિરિ દેખી વધાવ્યો બાજે રે....
વિમલા.૮

અઢાર તિહુતર વરસે રે, માગસરવદિ તેરસ દિવસે રે,
ભેટ્યા આદીશ્વર ઉલ્લાસે રે, જાણ્યું ભવજલ પાર ઉતરશે રે....
વિમલા.૯

ગિરિ દેખી લોચન ઠરિયા, ચક્કેસરી વીર કેસરિયા રે,
જાય કેતકી વૃક્ષ લહેરીયા રે, શેત્રુંજી નદી જલ ભરિયા રે....
વિમલા.૧૦

રાય ભરત બિંબો ઠાવે રે, ચક્કેસરી યાત્રા કરાવે રે,
તે ત્રીજે ભવે શિવ જાવે રે, શુભવીર વચન રસ પાવે રે....
વિમલા.૧૧

## શ્રી મરૂદેવી માતાની સજ્ઝાય - ૧

એક દિન મરૂદેવી આઈ, કહે ભરતને અવસર પાઈ રે;
સુણો પ્રેમ ધરી ૧

મારો રીખવ ગયો કેઈ દેશે, કોઈ વારે મુજને મળશે રે;
સુણો પ્રેમ ધરી ૨

તું તો ષટખંડ પૃથ્વી માણે, મારા સુતનું દુઃખ નવિ જાણે રે;
સુણો પ્રેમ ધરી ૩

તું ચામર છત્ર ધરાવે, મારો રીખવ પંથે જાવે રે;
સુણો પ્રેમ ધરી ૪

તું તો સરસા ભોજન આસી, મારો રીખવ નિત્ય ઉપવાસી રે;
સુણો પ્રેમ ધરી ૫

તું તો મંદિર માંહિ સુખ વિલસે મારો અંગજ ધરતી ફરસે રે;

સુણો પ્રેમ ધરી ૬

તું તો સ્વજન કુટુંબમાં મહાલે, મારો રીખવ એકલડો ચાલે રે;

સુણો પ્રેમ ધરી ૭

તું તો વિષય તણા સુખ રાચે, મારા સૂતની વાત ન પૂછે રે;

સુણો પ્રેમ ધરી ૮

એમ કહેતાં મરૂદેવી વયણે, આસુંજળ લાવ્યાં નયણ રે;

સુણો પ્રેમ ધરી ૯

એમ સહસ વરસે અંતે, લહ્યું કેવલ ઋષભ ભગવંત રે;

સુણો પ્રેમ ધરી ૧૦

હવે ભરત ભણે સુણો આઈ, સુત દેખી કરો વધાઈ રે;

સુણો પ્રેમ ધરી ૧૧

આઈ જગ ખંભે બેસાર્યા, સુત મળવાને પાઉધાર્યા રે;

સુણો પ્રેમ ધરી ૧૨

કહે એ અપૂરવ વાજાં, કિહાં વાગે છે એ તાજાં રે;

સુણો પ્રેમ ધરી ૧૩

તવ ભરત કહે સુણો આઈ, એ તુમ સુતની ઠુકરાઈ રે;

સુણો પ્રેમ ધરી ૧૪

તુમ સુત રિદ્ધિ આગે સહુની, તૃણ તોલે સુરનર બેહુની રે;

સુણો પ્રેમ ધરી ૧૫

હરખે નયણએ જલ આવે, તવ પડલ બેહુ ખરી જાવે રે;

સુણો પ્રેમ ધરી ૧૬

હું જાણતી દુઃખિયો કીધો, સુખીયો છે સહુથી અધિકો રે;
સુણો પ્રેમ ધરી ૧૭
ગયો મોહ અનિત્યતા આવે, તવ સિદ્ધ સ્વરૂપી થાવે રે;
સુણો પ્રેમ ધરી ૧૮
તવ **જ્ઞાનવિમળ** શિવનારી, તસ પ્રગટે અનુભવ સારી રે;
સુણો પ્રેમ ધરી ૧૯

(૨)

મરુદેવા માતા રે ઈમ ભણે, ઋષભજી આવોને ઘેર
હવે મુજ ઘડપણ છે ઘણું મળવાપુત્ર વિશેષ... મરુદેવી...૧
વત્સ તમે વનમાં જઈ શું વસ્યા, તમારે ઓછું શું રાજ
ઈંદ્રાદિક સર્વે શોભતા, સાધ્યા ષડ્ખંડ રાજ... મરુદેવી...૨
ઋષભજી આવી સમોસર્યા, વિનીતા નગરી મોઝાર
હરખે દેઉંરે વધામણા, ઉઠી કરું રે ઉલ્લાસ... મરુદેવી...૩
આઈ બેઠા ગજ ઉપરે, ભરત સ્વજન વાંદવા જાય
પર્ષદા દિઠી રે પુત્રની,ઉપન્યુ કેવલજ્ઞાન... મરુદેવી...૪
દૂરથી વાજા રે વાગીયા, હૈડે હરખ ન માય
હરખનાં આંસુ રે આવીયા, પડલ તે દૂર પલાય... મરુદેવી...૫
સાચુ સગપણ માતા તણું, બીજા કારમા લોક
રડતા પડતા મેલો નહિ, હૃદય વિચારીને જોય... મરુદેવી...૬
ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર,
વિનય વિજય ઉવજ્ઝાયનો, વર્ત્યો જય જયકાર... મરુદેવી...૭

## (૩)

## ( રાગ : મીઠી મધુરી રે વ્હાલા તારી વાંસળી રે )

ઈણ હીં જંબુ દ્વીપ હો ભરત ક્ષેત્રમારે, વિરહો મુક્તિનો હોય,
અઢાર કોડાકોડી હો સાગર માંહે રોકિયો રે, મુક્તે ગયો નહિ કોય,
માતાજી મરૂદેવા હો મુક્તિનો ખોલ્યો બારણે રે (૧)
પેલા પોત્યા નિવારણ, અંતર ક્રિયા ભાખી હો, ઠાંણાંગ સૂત્રમારે,
આગમ વચન પ્રમાણ માતા (૨)
ઠેલ સરખી કાયા હો ધનુષ્ય પાંચસો રે, સોવન વર્ણ
શરીર, સુપન માંહે હો કદીય ન જાણ્યો સાસરો રે,
ન જાણ્યો કદીય પિયર માતા (૩)
ક્રોડ પૂરવ લગે હો સોહાગણ રહ્યા સતી રે, નિત નિત નવલે વેશ;
ભર જોબન રહ્યા હો, માતાજી જીવ્યા જ્યાં લગે રે કાલા ભમ્મર કેશ (૪)
ઓસડ એક ન લીધો હો માતાજી, જીવ્યા જ્યાં લગે રે;
કદી કસર ન હુઈ પેટ, માથુ, હાથ પગ હો પલક પણ
નવિ દુઃખીયા રે ક્રોડ પૂરવ ઠેઠ માતા (૫)
દોનું સુંદરી હો સોવન વર્ણી શોભતી રે, પરણી તે ઋષભ જિણંદ,
ભરતક્ષેત્રમાં હો વિવાદ પહેલો એ હુવોએ, સૂત્રમાં સર્વ સંબંધ માતા (૭)
એકસો પુત્ર હો દાદીએ નયણે નિરખ્યારે બ્રાહ્મી સુંદરી દોય;
સર્વ કબીલો સુખીયો હો, દુઃખીયો કોઈ નવિ દેખીયો રે,
એસો પુન્ય હો ન હોય (૮)
પાંસઠ હજાર પેઢી હો નયણે નીરખી રે, આપણા દાદીનું દાનુજી ના,
બેટા પોતરા હો પડ પોતરા લડપોતરા રે, લાગે દાદીને પાય. માતા (૯)
ષટ્ખંડ ભોક્તા હો ભરતનો ધણી રે, અરજ કરે કર જોડ,

દાદીને પાય લાગે; હો મુજરો લેજો માહરો રે,
મુખ આગળ મદ મોડ-માતા (૧૦)
હાથી હોદે બેઠા હો દેખે પુત્રને રે, રહ્યા ઋષભને જોય,
મરૂદેવા માતા હો મનશું જીત્યો મોહન રે,
કેણે હો સગો નહિ કોય માતા (૧૧)
કેવલ પામ્યા હો માતાજી, મુગતે ગયા રે, હાથી હોદે વીતરાગ;
પછી શીવ ગયા હો અસંખ્યાતા કેવલી રે,
ખોલ્યો મુક્તિનો માર્ગ માતા (૧૨)
તીર્થંકર ચક્રી હો હલદર રાય રાણા રે, કેશવ રાવણ રાય;
ઐસી કરણી માતા હો લુગાઈ નહિં ભરતમારે,
ઈણ ચોવીશી માય માતા (૧૩)
સાધુ સાધ્વીમાં હો ચોવીશીનાં મુક્તે ગયા રે, સૂત્ર સિદ્ધાંત મોઝાર,
મરૂદેવા માતાએ મુક્તિનો ખોલ્યો બારણો રે,
જડીયો જંબૂકુમાર માતાજી (૧૪)
સંવત અઢાર હો વરસ પચાસમાં રે, નુષ્યજયેષ્ઠ જગમાલ;
જશ વિજય જોડી હો સજ્ઝાય જુગતિ શું રે
આછો શહેર અજમેર માતાજી (૧૫)

## શ્રી બાહુબલીજીની સજ્ઝાય

બાહુબલી ચારિત્ર લીયો રે, સાચો ધરી વૈરાગ;
ભરતેસર ઈમ વિનવે રે, વાર વાર પાય લાગ;
હર્ષ ભરી મુજશ્યું બોલજ્યો રે, થાને બાબાજીની આણ થાન
ઋષભદેવજીરી આણ, થેં તો મકરો ખેંચતાણ,
થેં તો મ્હારે જીવન પ્રાણ હર્ષ ભરી મુંજશ્યું બોલજો રે (૧)

હું ભાઈ તાહરો રે, જે મે દિધો દોષો; તે તો પણ ખમજો ભાઈલા રે,
ગીરવા ન કરો રોષ હર્ષ (૨)

આવો બાદ દઈ મિલા રે, જોવો આંખ ઉઘાડ; બોલો મીઠા બોલડા રે;
પૂરો મનનો લાડ હર્ષ (૩)

ખીલો નાંખુ તોડને રે, જિન કુલ જાઈ વૈઢ; નાયો આયુધ શાલ મે રે;
જ્યું બ્રાહ્મણ ઘર ઢેઢ હર્ષ (૪)

ભાભીના ઓલંભડા રે, કીમ સંભાલાયે કાન, જાતો પાવ વહે નહિ રે,
તુજને મૂકી રાન. હર્ષ (૫)

તું જીત્યોં હું હારીયો રે, દેવ ભરે છે સાખ; તુજ સરીખો જગ કો નહિં રે,
મુજ સરિખો રે, દેવ ભરે છે સાખ;
મુજ સરિખો છે લાખ હર્ષ (૬)

માથે સૂરજ આવીયો રે, પસીનો સારો વાત,બેસો ભોજન જિમીયે રે,
ખારેક દ્રાક્ષની વાત હર્ષ (૭)

નિન્નાણું એકણ મને રે મુજને લોભી જાણ; તે સહુ મુજને પરિહર્યો રે;
જ્યું વરસાલે છાણ હર્ષ (૮)

તું મ્હારે જીવન આતમારે,તું હી જમણો રે બાહુ દિશી શૂની ભાઈ વિના રે,
આવો ને ઘેર જાંહ-હર્ષ (૧૦)

બોલ ઘણાય બોલીયા રે, ભરતેસર મહારાજ; હાથીના દાંત જે નિકળ્યા રે,
તે પાછા નવિ જાય - હર્ષ (૧૧)

અભિમાની શિર સેહરો રે, બાહુબલ ઋષિરાય, સીધા કર્મ ખપાયને રે,
**વિમલ કિર્તી** ગુણ ગાય હર્ષ. (૧૨)

# ભરત બાહુબલીની સજ્ઝાય

ભરતજી કહે કરજોડી બાહુબલી આગલે,
તું છે મોટો સાગર સરીખો અગાધ જો
અજ્ઞાનવશ થઈ યુદ્ધમાં તુજને બોલાવીયો
ક્ષમા કરો તે સર્વે મુજ અપરાધ જો ....(૧)
આયુધ શાળે ચક્ર ન પેઠું તે કારણે
અઠ્ઠાણું ભ્રાતાને બોલાવ્યા ધરી પ્રેમ જો
મુજ આણામાં રહીને રાજ્ય ભોગવો
દૂત મુખે મેં કેવરાવ્યું હતું એમ જો ....(૨)
તેઓ સઘળા વિરૂપ કરી ચાલ્યા ગયા,
તાત પાસે જઈ લીધો સંજમ ભા રજો
તે તો ત્યાગી થયાને તું પણ થાય છે
તો પછી મારે લેવો કોનો આધાર જો ....(૩)
વેષ તજીને પાછો વળી જા રાજ્યમાં
રાજ્ય બીજા પણ હર્ષથી દેઉ છું આજ જો
નિર્ભય થઈને રાજ્ય તમારું ભોગવો
નહિ તો જગતમાં કેમ રહેશે મુજ લાજ જો ....(૪)
નામને ગુણથી બાહુબલી તુજ નામ છે,
સત્ય કરી દેખાડ્યું તે નિરધાર જો
ગુણ તમારા એક મુખે ન કહી શકું
આપ છો મોટા ગુણમણીનાં ભંડાર જો ....(૫)
મારી ભુજાતો ખરી હતી બંધુ તમે
મુજને છોડી ચાલ્યા જશે નિરધાર જો,

તો મુજ શિરપર ચડશે અપયશ ટોપલો
મુખ બતાવીશ કેવી રીતે બહાર જો ....(૬)
બાંધવ બાંધવ કહીને એકવાર બોલ તું
નહિ બોલો તો તાતજી ઋષભજી આણ જો,
સ્નેહ ભરી દષ્ટિથી મુજને ભેટશો,
જેહથી મારો જશનો ઉગે ભાણ જો ....(૭)
શું મોઢું લઈ જવું વિનિતાપુરીમાં
ભાઈ વિના મને લાગે સુનો સંસાર જો,
ધ્રુસકે રડતા કંઠેથી અક્ષર ત્રુટતા,
ચક્રીની આંખે અશ્રુની પડતી ધાર જો ....(૮)
લઘુ ભ્રાતાના રાજ્ય કરાવ્યા ખાલસા,
મુજ સાથે લડી રૂધીરની કરી નીક જો
રાજ્ય મદે કરી ભાઈ ભાઈનો સ્નેહ તજાવીયો
લોભના વશથી રાખીના ભવની બીક જો ....(૯)
રાંડ્યા પછી તો ડહાપણ આવે લોકમાં
એ કહેવત મને લાગુ પડતી થાય જો
પશ્ચાતાપનો પાર નથી હવે ઉરમાં
મુજ અંતરમાં સળગી ઉઠે છે લાય જો ....(૧૦)
મોહને ખેદના ભરતના વાક્ય સાંભળી,
બોલે બાહુબલી સાંભળ ચક્રી નરેશ જો,
રાજ્ય રમા ને રાગ નિરાગ ક્ષણિકતા
લીધો છે મેં સાચો સાધુ વેશ જો ....(૧૧)

ખેદ તજી ને રાજ્ય ભરતજી ભોગવો
મારું વ્રત છે હસ્તની રેખા સમાન જો
લખ્યું હતું તે આવ્યું અમારા ભાગ્યમાં
સત્ય વસ્તુનુ આજે થયું મુજ ભાન જો ....(૧૨)
ભગિની ભ્રાતા પિતાનાં માર્ગે સહુ ગયા,
ત્યાગ વૈરાગ્યને ધર્મના થઈને જાણજો
તત્ત્વ રમણતા અનુભવ જ્ઞાનની ભૂમિકા
મુનિ મારગ છે અમૂલ્ય ગુણની ખાણ જો ....(૧૩)
મુનિ મક્કમતા જોઈ ભરતજી વંદતા,
સ્તુતિ કરતા વિનિતાપુરીમાં જાય જો
નિર્લેપ રહીને નીતિથી રાજ્યને પાળતા
ઉદય કરવા ગુણીનાં નિત્ય ગુણ ગાય જો ....(૧૪)

## પર્વ આરાધના કેવી રીતે કરશો ?

ચૈત્ર સુદ - ૧૫ ના દિવસે ઉપવાસ કરવો. પંદર વર્ષ સુધી ચૈત્રી પૂનમે ઉપવાસ કરવાથી આ પર્વની આરાધના થાય છે.

દોઢસો બોગ્ગસ્સનો કાઉસ્સગ.

દોઢસો ખમાસણા.


દોઢસો સાથિયા.


૨૦ નવકારવાળી.

ૐ હ્રીં શ્રી પુંડરિક ગણધરાય નમઃ

**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર


પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.
તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



ચિત્તલ નિવાસ હાલ મલાડ નિવાસી

**સ્વ. જયંતિલાલ નરસિંહદાસ મહેતા**

**પરિવાર તરફથી...**

લીલાવતીબેન જયંતીલાલ મહેતા

સ્વ. વિનોદબાળા વસંતરાય દોશી

પુત્ર : પ્રવિણ, દિનેશ, કિશોર,

બિપીન, સતીષ

ડીઝાઈન :
જૈનમ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૫૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦